# શબ્દ અને સૂર

## સ્તવન સંગીત



: સંકલન :


## ડૉ. જનક શાહ
## શ્રીમતી ભારતી શાહ




# અમારા પ્યારા સંતાનો

# અને

# અમારા બન્નેના પરિવારના
# સર્વે પ્યારા સંતાનોને
# સપ્રેમ...



# મન ની વાત......



અમેરિકા આવ્યા પછી એક દિવસ સાથે મળીને ગીત ગાતા હતા ત્યારે ચિ.ભૈરવીએ કહયું, ‘‘પપ્પા આ ગીતનો રાગ આવડે છે પણ શબ્દો સ્મૃતિમાં નથી’’. ચિ.આશી અને ઈશ્વાનો જન્મ થતા તેમને હાલરડાં અને ગીતો ગાઈને સુવરાવતી વખતે અમુક શબ્દો વિસ્મૃત થઇ જવાની પાછી તેજ સમસ્યા નડવા લાગી. ધરા, આભા, આનંદ, ભૈરવી અને ચિન્ટુને બચપણમાં હિંચકા પર સુવરાવતી વખતે બા નો સથવારો હતો તેથી આ વિસ્મૃતિની સમસ્યા ઓછી નડી હતી. હોસ્પિટલના વેદના ભર્યા દિવસોમાં પૂ. બાની સાથે ગાયેલા ભજનોથી સમેલી વેદના યાદ આવી. અમારી જિંદગીની લગભગ આખી મંજિલ આ સ્તવનો, ગીતો, પ્રાર્થના, ભજનો, હાલરડા, ગરબા, લોકગીતો અને ગઝલોના સથવારામાં કયારે પસાર થઈ ગઈ તેની તો ખબરજ ન પડી. સાથે સાથે તેના દ્વારા જે સંસ્કાર વારસો અમારા માતા-પિતા આપતા ગયા તેની પણ અમને ખબર ન પડી. અત્યારે તેનું મુલ્ય સમજાય છે. નવી પેઢીમાં આ વારસો જળવાય રહે તે અત્યંત આવશ્યક છે. જિંદગીભર એક અફસોસ રહી ગયો છે કે અમે અમારા માતા-પિતાના અવાજને કોઈપણ માધ્યમથી સાચવી નથી શક્યા.

સૂરના જાદુની વાતતો કાંઈ અનોખી જ છે. સૂર ને શબ્દનો કે શબ્દને સૂરનો સથવારો મળેતો જિંદગીની આ લાંબી મંજિલ બહુ મધુરતાથી પસાર થઈ જાય છે. પણ તે સથવારો

ક્યારે મળે? તે માટેનું માધ્યમનું નક્કર સ્વરૂપ સચવાયું હોય અને તે સરળતાથી ઉપલબ્ધ હોય ત્યારે મળે. અમેરિકામાં સમયનો સદ્‌ઉપયોગ કરતા કરતા, સ્મૃતિ અને ઈન્ટરનેટના સથવારે અમે ગાયેલા, ગાવા ગમે તેવા ચિરંજીવી સ્તવનો, સુગમ ગીતો, ભજનો, લોકગીતો, સ્તવનો, ગરબા, ગઝલો, હાલરડા વગેરેનો નાનકડો સંગ્રહ થઈ ગયો છે. શબ્દની ઉપલબ્ધિ સહુ કોઈ પોતાના કોમ્પ્યુટર પર કરી શકે તે પ્રયોજનથી અહિયા ‘સૂર અને શબ્દ’ને પ્રસ્તુત કરીએ છીએ. હા, એટલું યાદ રાખવું આવશ્યક છે કે અહિંયા સંગ્રહાયેલ કૃતિના શબ્દોના કોપી રાઈટ જે તે કૃતિના રચયિતાના છે. અહિંયા સંગ્રહાયેલ કૃતિમાં કોઈ શબ્દ-દોષ હોય તો તે કદાચ સ્મૃતિ-દોષ હોવાની સંભાવના છે. તે શબ્દ-દોષનુ નિવારણ થઈ શકે તેમ હોયતો તે તરફ અમારૂં ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે. અવકાશ મળ્યે થી હજી આ સંકલનમાં બીજી કૃતિઓનો સમાવેશ કરવાની ભાવના છે. આજના નેટના યુગમાં ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે **readgujarati.com.** અને **tahuko.com.** જેવી વેબ સાઈટ અને ગુજરાતી બ્લોગ જગતને લાખ લાખ સલામ. અમને આશા છે કે અમારો આ ‘સૂર અને શબ્દ’નો નાનકડો પ્રયાસ જરૂરીયાતના સમયે મધુર સથવારો અને સંસ્કાર-વારસો પૂરો પાડશે તો આ સંકલન અલેખે નહી જાય.

૧૬-૧-૨૦૦૯ — ડૉ. જનક શાહ
અમેરિકા. — શ્રીમતી ભારતી શાહ

# : અનુક્રમણિકા :

## સ્તવન સંગીત


| ક્રમ | કૃતિ | પેઈજ નંબર |
|---|---|---|
| (૧) | અમી ભરેલી નજરૂં રાખો | ૦૯ |
| (૨) | અમે મહેમાન દુનિયાના | ૧૦ |
| (૩) | અવસર બેહેર બેહેર નહીં આવે | ૧૧ |
| (૪) | અંતરજામી સુણ અલવેસર | ૧૨ |
| (૫) | આ દુનિયાની રંગભૂમિ પર | ૧૩ |
| (૬) | આંખડી મારી પ્રભુ હરખાય છે | ૧૪ |
| (૭) | આજ વગડાવો વગડાવો રૂડાં શરણાયું ને | ૧૫ |
| (૮) | આજનું મંદિરયું મને લાગે બહુ રૂપાળું | ૧૬ |
| (૯) | આજ મને લાગ્યો છે ભકિતનો રંગ | ૧૭ |
| (૧૦) | આજ મારા દેરાસરમાં, મોતીડે મેહ વરસ્યા | ૧૮ |
| (૧૧) | આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર | ૧૯ |
| (૧૨) | એક જ અરમાન છે મને | ૨૦ |
| (૧૩) | એક દિન જાવું, પ્રભુના ધામમાં | ૨૧ |
| (૧૪) | એક હતી અજવાળી પૂનમ | ૨૨ |
| (૧૫) | એક પંખી આવીને ઊડી ગયું | ૨૩ |
| (૧૬) | એળે ન જાય જો જો અવતાર માનવીનો | ૨૪ |
| (૧૭) | ઓ કરૂણાના કરનારા ! તારી કરૂણાનો | ૨૫ |

| | | |
|---|---|---|
| (૧૮) | ઓ મારા વ્હાલા કયાં જઈ આવ્યા | ૨૬ |
| (૧૯) | ઈતના તો કર હો સ્વામી | ૨૭ |
| (૨૦) | કરૂણા સાગર હે જિનવર મને | ૨૮ |
| (૨૧) | ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બીરાજો | ૨૯ |
| (૨૨) | ચાર દિવસના ચાંદરણા પર | ૩૦ |
| (૨૩) | છો ને મારા તંબૂરાના, થાય ચૂરે ચૂરા | ૩૧ |
| (૨૪) | જનારૂં જાય છે જીવન.. | ૩૨ |
| (૨૫) | જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ | ૩૩ |
| (૨૬) | જાગ્યો રે આત્મા આશ જાગી, | ૩૪ |
| (૨૭) | જિંદગીમાં કેટલું કમાણા રે .. | ૩૫ |
| (૨૮) | ઝગમગતા તારલાનું દેરાસર હોજો | ૩૬ |
| (૨૯) | ઝનન ઝનન ઝબકારો રે | ૩૭ |
| (૩૦) | ઢોલીડા ઢોલ ધીમો ...ધીમો વગાડના | ૩૮ |
| (૩૧) | તમે મન મુકીને વરસ્યા | ૩૯ |
| (૩૨) | તમે તો અમારા ને અમે તો તમારા | ૪૦ |
| (૩૩) | તારા રે નામનો લીધો મેં સહારો | ૪૧ |
| (૩૪) | તારા વિના મને એકલડું લાગે | ૪૨ |
| (૩૫) | તારે દ્વાર આવીને કોઈ ખાલી હાથે.. | ૪૩ |
| (૩૬) | તારો સોનાનો વળી રૂપાનો.. | ૪૪ |
| (૩૭) | તું મેરે મનમેં તું મેરે દિલમેં | ૪૫ |
| (૩૮) | થાળ ભરી ચોખાને...ધીનો છે દીવડો | ૪૬ |
| (૩૯) | દરશન દેજો નાથ... દર્શન દેજો નાથ.. | ૪૭ |
| (૪૦) | દર્શન દો એક વાર... | ૪૮ |
| (૪૧) | દાદાને શિખરે બેઠો રે... | ૪૯ |
| (૪૨) | દુહાઓ.. | ૫૦ |
| (૪૩) | નામ હૈ તેરા તારણહારો...કબ તેરા દર્શન હોગા? | ૫૨ |

| | | |
|---|---|---|
| (૪૪) | નૈયા ઝૂકાવી... | ૫૩ |
| (૪૫) | પરમાત્મા એ આત્માને..શાંતિ સાચી | ૫૪ |
| (૪૬) | પાપ કરતા માપ રાખ્યું હોતતો | ૫૫ |
| (૪૭) | પ્રભુ તારું ગીત મારે ગાવું છે | ૫૬ |
| (૪૮) | પ્રભુ મારું જીવન, ધરું તારા ચરણોમાં.. | ૫૭ |
| (૪૯) | પૈસા કે પ્રભુ | ૫૮ |
| (૫૦) | બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ | ૫૯ |
| (૫૧) | બિના નયન પાવે નહીં | ૬૦ |
| (૫૨) | ભીતર વળશો કયારે? | ૬૧ |
| (૫૩) | મને વ્હાલું લાગે, મને વ્હાલું લાગે | ૬૨ |
| (૫૪) | મમતા તું મેલ, મમતા તું મેલ | ૬૩ |
| (૫૫) | મહાવીર સુકાની થઈને સંભાળ | ૬૪ |
| (૫૬) | મહામંત્ર છે મોટો જગમાં | ૬૫ |
| (૫૭) | મારા દાદાને દરબાર ઢોલ વાગે છે | ૬૬ |
| (૫૮) | મારા હૈયે વિરાજતા આદિનાથજી...... | ૬૭ |
| (૫૯) | મારી આજની ઘડી છે રળિયામણી | ૬૮ |
| (૬૦) | મારી આ જીવન નૈયા | ૬૯ |
| (૬૧) | મારી આંખોમાં શંખેશ્વર આવજો રે | ૭૦ |
| (૬૨) | મારું આયખું ખૂટે જે ઘડીએ | ૭૧ |
| (૬૩) | મારો ધન્ય બન્યો આજે અવતાર | ૭૨ |
| (૬૪) | મૈત્રીભાવનું પવિત્ર ઝરણું... | ૭૩ |
| (૬૫) | યહ હૈ પાવન ભૂમિ, યહાં બાર બાર આના | ૭૪ |
| (૬૬) | શ્રી રત્નાકર પચ્ચીસી | ૭૫ |
| (૬૭) | તું રંગાઈ જાને રંગમાં | ૮૦ |
| (૬૮) | રંગે રમે આનંદે રમે | ૮૧ |
| (૬૯) | વધાઈ | ૮૨ |

| | | |
|---|---|---|
| (૭૦) | વાગે ના ઢોકર ને આંખ ઉઘાડો | ૮૩ |
| (૭૧) | સમરો મંત્ર બડો નવકાર | ૮૪ |
| (૭૨) | સ્તુતિઓ | ૮૫ |
| (૭૩) | સાચો સંગમ પ્રભુ સાથે  હજીયે ના થયો | ૮૮ |
| (૭૪) | સુખની છાયા કયાંય નથી પણ માયા.. | ૮૯ |
| (૭૫) | શબ્દમાં સમાય નહિં એવો તું મહાન | ૯૦ |
| (૭૬) | શંખેશ્વર કા નાથ હૈ હમારા તુમ્હારા | ૯૧ |
| (૭૭) | શાંતિ જિનેશ્વર સાચો સાહિબ | ૯૨ |
| (૭૮) | હરિયાળો છે ન્યારો ન્યારો | ૯૩ |
| (૭૯) | હે કિરતાર મને આધાર તારો | ૯૪ |
| (૮૦) | હું છું અનાથ મારા ઝાલજો રે હાથ | ૯૫ |




(૧)

## અમી ભરેલી નજરૂં રાખો, મહાવીર શ્રી ભગવાન રે

અમી ભરેલી નજરૂં રાખો, મહાવીર શ્રી ભગવાન રે;
દર્શન આપો દુઃખડા કાપો, મહાવીર શ્રી ભગવાન રે;

ચરણ કમલમાં શીશ નમાવું (૨) વંદન કરૂં મહાવીર રે,
દયા કરીને ભક્તિ દેજો (૨) મહાવીર શ્રી ભગવાન રે;

હું દુઃખીયારો તારે દ્વારે (૨) આવી ઉભો મહાવીર રે,
આશિષ દેશો ઉરમાં લેજો(૨) મહાવીર શ્રી ભગવાન રે;



(૨)

## <u>અમે મહેમાન દુનિયાના</u>

અમે મહેમાન દુનિયાના, તમે મહેમાન દુનિયાના;
સહુ મહેમાન દુનિયાના, છીએ મહેમાન દુનિયાના.
અહીં ઘડી પહોર કે દિન માસ, કે બહુ વર્ષ રહેવાના;
છતાં કયારે જશું નક્કી, નહીં એ સાફ કહેવાના.
બરાબર બાજરી ખૂટે, ઉઠીને તૂર્ત જવાના;
સબંધી રોકશે તોયે, પછી ના પલક રહેવાના.
પ્રભુની મહેર ત્યાં સુધી, અમો આ ખેલ જોવાના;
નિહાળી વ્યોમતો એની, બઢો આનંદ લેવાના.
જમા કીધું જશું મેલી, નથી કાંઈ સાથ લેવાના;
નથી માલેક તો અંતે, અમો ફૂટી બદામોના.
નથી તો કાંઈ લાવેલા, ન કાંઈ લઈ જવાના;
પ્રભુજીના પરોણાને, કશી વાતે કમીતા ના.
ભલે વ્હાલા ઊડી જાએ, અમે ન લેશ રોવાના;
અમો પણ એજ મારગમાં, છીએ આખર જવાના.



(૩)

## અવસર બેહેર બેહેર નહીં આવે

બેહેર બેહેર નહીં આવે અવસર, બેહેર બેહેર નહીં આવે

જ્યું જાણે ત્યું કરલે ભલાઈ,જનમ જનમ સુખ પાવે. ..અવસર

તન ધન જોબન હી જુઠા, પ્રાણ પલક મેં જાવે. ...અવસર

તન છુટે ધન કૌન કામકો, કાયકું કૃપણ કહાવે. ..અવસર

જાકે દિલમેં સાંચ બસત હૈ, તાકુ જુઠ ન ભાવે. ..અવસર

આનંદધન પ્રભુ ચલત પંચમેં, સમરી સમરી ગુણ ગાવે...
અવસર



(૪)

## અંતરજામી સુણ અલવેસર

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો રે,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ-મરણ દુઃખ વારો..
સેવક અરજ કરે છે રાજ, અમને શિવ સુખ આપો
આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો.. સેવક અરજ

સહુકોનાં મનવંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો રે
એહવું બિરુદ છે રાજ તમારું, કેમ રાખો છો દૂર? .. સેવક અરજ

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો રે;
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો? .. સેવક અરજ

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિશન દીજે રે;
ધુમાડે ધીજું નહીં સાહિબ, પેટ પડયાં પતિજે.. સેવક અરજ

શ્રી શાંતિજિનેશ્વર  સાહેબ, વિનતડી અવધારો રે
કહે જિનભક્ત દયા કરી મુજને, ભવસાગરથી તારો રે.. સેવક અરજ

(૫)

## આ દુનિયાની  રંગભૂમિ પર

આ દુનિયાની  રંગભૂમિ પર કોઈ બને મોર તો કોઈ બને ઢેલ
આવ્યા છે સહુએ કરવાને ખેલ.
મનખાની માટીને અજવાળવાને કોઈનું દિવેલને કોઈની દિવેટ
આવ્યા છે સહુએ કરવાને ખેલ.

કોઈ થાય રાજા તો કોઈ છે ભિખારી કોઈ છે ભિખારી
કોઈ ખાય ખાજાતો કોઈનું પેટ ખાલી, કોઈનું પેટ ખાલી
વિધિએ વેચ્યા વિધ વિધ પાઠો, કોઈને તો મહેલને કોઈને છે જેલ
આવ્યા છે સહુએ કરવાને ખેલ....આ દુનિયાની...

કોઈ થાય સાધુ તો કોઈ રંગરાગી, માયાને મોહમાં કોઈ
રંગરાગી
જોગી કે ભોગી કોઈને જડેના જીવન મરણનો સાચો ઉકેલ
આવ્યા છે સહુએ કરવાને ખેલ....આ દુનિયાની...

કોઈ જાય આજે તો કોઈ જશે કાલે,
કોઈને કલંક કોઈને તિલક છે ભાલે તિલક છે ભાલે,
કોઈનો અંત સુખમાં તો કોઈનો અંત દુઃખમાં
એમ જ પૂરો થઈ જાશે આ ખેલ
આવ્યા છે સહુએ કરવાને ખેલ....આ દુનિયાની ...



(૬)

## આંખડી મારી પ્રભુ હરખાય છે

આંખડી મારી પ્રભુ હરખાય છે
જ્યાં તમારા મુખના દર્શન થાય છે... આંખડી મારી
પગ અધીરા દોડતા દેરાસરે
દ્વારે પહોંચુ ત્યાં અજંપો થાય છે. ... આંખડી મારી
દેવનું વિમાન જાણે ઊતર્યું
એવું મંદિર આપનું સોહાય છે. ... આંખડી મારી
ચાંદની જેવી પ્રતિમા આપની
તેજ એનું ચોતરફ ફેલાય છે. ... આંખડી મારી
મુખડું જાણે પૂનમનો ચંદ્રમા
ચિત્તમાં ઠંડક અનેરી થાય છે. ... આંખડી મારી
બસ ! તમારા રૂપને નિરખ્યા કરું
લાગણી હૃદયમાં થાય છે. ... આંખડી મારી



(૭)


## આજ વગડાવો વગડાવો રૂડાં શરણાયું ને ઢોલ

આજ વગડાવો વગડાવો રૂડાં શરણાયું ને ઢોલ,
હે..શરણાયુંને ઢોલ રૂડા નગારાના ઢોલ...આજ.

આજ  નાચે રે ઉમંગ રંગ અંગમાં રે લોલ
હું તો એવો રે રંગાણો પ્રભુ રંગમાં રે લોલ
હે...હું તો ગાવું  ને ગવડાવું, રૂડાં ગીતડાં ના બોલ...આજ.

આતો આવ્યો અવસર આજ આંગણે રે લોલ
બાંધો આસોપાલવનાં તોરણિયાં રે લોલ
હે...આજ હૈયે આનંદ છે તન માનમાં રે લોલ..આજ

આવો આવો સ્નેહીઓ અમ આંગણે રે લોલ
અમે વાટલડી જોતા બેઠાં બારણે રે લોલ
પ્રેમે પધારી બોલો પ્રભુજીનાં બોલ...આજ



(૮)

## આજનું મંદિરયું મને લાગે બહુ રૂપાળું

આજનું મંદિરયું મને લાગે બહુ રૂપાળું
કહી દો પૂજારીને મારે નહિ તાળું.....

તારા રે નામની લીધી મેં માળા,
ગાઈ રહ્યો છું ગુણ હું તમારા
મનના મંદિરીયામાં થયું અજવાળું...આજ.

અચિરાના જાયા ગુણ તારા ગાયા
તારા વિયોગે મારા નયણા ભરાયા
શાંતિનાથનું મુખ લાગે રૂપાળું...આજ

તારા રે ધામની છે બલિહારી
હું તો તારો સેવક ને તું મારો સ્વામી
ભાવ મારા ઝાઝા ને નાનું આ ગાણું...કહી દો...



(૯)

## આજ મને લાગ્યો છે ભકિતનો રંગ

આજ મને લાગ્યો છે ભકિતનો રંગ
હો વીર મને લાગ્યો છે સંયમનો રંગ
તારી રે આંખોમાં દીઠો મેં દીઠો
વહેતો કરૂણાનો રંગ
હો જી તારી તે કરૂણાની ધારામાં ભીંજાતા
મારા અંગે અંગ... આજ મને
તારા તે જીવનમાં જોયો મેં જોયો
જયવંતો મુકિતનો રંગ
હો જી તારી તે વાણીમાં દીઠો મેં દીઠો
શાંતિ મળે તેવો રંગ..... આજ મને
કર્મશત્રુને જીતવા છે મારે
કરવી છે ભક્તિ અભંગ
હો જી સંસાર ત્યજીને ચાલ્યા રે જાવું
જાવું છે સંયમને પંથ ......આજ મને



## (૧૦)
## આજ મારા દેરાસરમાં, મોતીડે મેહ વરસ્યા રે

આજ મારા દેરાસરમાં, મોતીડે મેહ વરસ્યા રે;
મોતીડે મેહ વરસ્યા રે, હીરલે મેહ વરસ્યા રે. ....આજ મારા

મુખડું દેખી પ્રભુજી તમારું, હૈયા સહુના હરખ્યા રે;
ઝગમગ ઝગમગ જ્યોતિ ઝલકે,વરસે અમિરસ ધારા રે..આજ મારા

અનુપમ મુખ નિરખી વિકસે, અંતર ભાવ અમારા રે;
વીર પ્રભુની માયામાંથી, ભકિતના રંગ જમાયા રે. ....આજ મારા

ચરણ કમલની સેવા પામી, ભક્તે પ્રભુ ગુણ ગાયા રે;
ભવ અનંતના બંધન તૂટ્ટયા, ભ્રમણા ભાંગી ગઈ રે, ....આજ મારા

વિજય વર્યો શિવપુરને પંથે, મતલબ પૂરી થઈ રે- આજ



(૧૧)

## આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર

આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર, મારા આંગણા સૂના,
રોતી રોતી ચંદનબાળા વીનવે છે; આજ મારા આંગણા સૂના,

પગમાં બેડી માથે મૂંડી, આંખે આંસુધાર;
ઉપવાસી ત્રણ ત્રણ દિવસની, મુખે ગણતી નવકાર..મારા..

બાકુળાના ભોજન મળિયા, પણ નહિ મનડું માને
કોઈ અતિથીને વહોરવીને, પછી જ ખાવું મારે. ..મારા..

કૌશંબી નગરીની માંહે, યોગી એક વિચરતા;
પાંચમાસ ને પચીશ દિનથી, ભિક્ષા કાજે ફરતા. ..મારા..

દ્વાર-દ્વારથી એ ભિક્ષા વિણ, શીદનહવો પાછા ફરતા;
કોણ હશે એ મહા તપસ્વી?એહવો નિશ્ચય કરતા. ..મારા..

બાળા ભોજન દે છે ત્યાં તો, યોગી પાછા વળિયા;
અહો ! પ્રભુ શું ઓછું આવ્યું? દડ દડ આંસુ પડિયા. મારા..

અભિગ્રહ પૂરણ જાણી પ્રભુજી, નિજ કર પાત્ર ધરાવે;
ચંદનબાળા ભાવ ધરીને, બાકુળા વહોરાવે. ..મારા..
તે જ ક્ષણે ચમત્કાર થયોને, તૂટી પગની બેડી;
માથે સુંદર વાળ થયાને, વરસી સુખની હેલી. ..મારા..

આવો આવો વીર સ્વામી ! આવો મહાવીર આજ ! ..મારા..
આવો આવો વીર ! હું છું ક્યારની અધીર. ...મારા..



(૧૨)

## એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને

એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને (૨)
ફુલડાં બનું કે ચાહે ધૂપસળી થાઉં
આશા છે કે સામગ્રી પૂજાની થાઉં,
ભલે કાયા આ રાખ થઈ શમે... મારું જીવન સુગંધી બને.

તડકા છાયા કે વાયા વર્ષાના વાયરા
તો યે આ પુષ્પો કદી ન કરમાયા,
પ્રભુ ચરણોમાં રહેવું ગમે......... મારું જીવન સુગંધી બને.
ઘા ખીલતા ખીલતા એ ખમે ......... મારું જીવન સુગંધી બને.

વાતાવરણમાં સુગંધ, ન સમાતી
જેમ જેમ ચંદન ઓરસીયે ઘસાતી
પ્રભુ કાજે ઘસાવું ગમે ......... મારું જીવન સુગંધી બને.

જગની ખારાશ બધી ઉરમાં શમાવે.
તોયે સાગર મીઠી વર્ષા વરસાવે
સદા ભરતી ને ઓટમાં રમે......... મારું જીવન સુગંધી બને.



(૧૩)

## એક દિન જાવું, પ્રભુના ધામમાં

એક દિન જાવું, પ્રભુના ધામમાં
ચેતીને ચાલો સંસારમાં.....એક દિન...

એની ખબરકે સંદેશ નહિ આવશે.
નહિ આવે તાર કે ટપાલમાં...એક દિન...

જો જો એ દિવસ ઓચિંતો આવશે.
રહેવું મહાવીરના ધ્યાનમાં.. એક દિન...

લેશે જવાબ ત્યાં પાપ અને પૂન્યના
નહિ ત્યાં કોઈ સાથ માં.. એક દિન...

ભકિતનું ભાથુ તમે સાથે લઈ લેજો
ભુલશો નહિ બેભાનમાં.. એક દિન...

ભુલશો નહિ સિધ્ધાચલના વાસી
રાખોને ચિત્ત મહાવીરમાં.. એક દિન...



## (૧૪)
## એક હતી અજવાળી પૂનમ

એક હતી અજવાળી પૂનમ,ને બીજી રાતડી કાળી
પારસનાથને એવા મળ્યા, ધરણેન્દ્ર અને મેઘમાળી....
ઉપકારી ઉપકાર ભૂલે નહિ, વૈરી ભૂલે ન વેર,
એક ધરે અમૃતની પ્યાલી, બીજો હલાહલ ઝેર;
એક ભાવથી ભકિત કરે, ને બીજો રહે જીવ બાળી...
એક દિવસ વટવૃક્ષની નીચે, પાર્શ્વ પ્રભુ ધરે ધ્યાન,
ભાન ભૂલી મેઘમાલી લાવે, આંધી ને તોફાન;
પરભવનો ઉપકાર વિચારી, નાગ રહ્યો ફેણ ઢાળી....
સમતાસાગર પાર્શ્વ પ્રભુને, નહીં માન અપમાન,
હોય મિત્ર કે શત્રુ ભલેને, એને સર્વ સમાન;
સમદ્રષ્ટિથી બેઉ જણાને, રહેતા નાથ નિહાળી......



## (૧૫)
## એક પંખી આવીને ઊડી ગયું

એક પંખી આવીને ઊડી ગયું, એક વાત સરસ સમજાવી ગયું
........એક પંખી આવીને ઊડી ગયું.

આ દુનિયા એક પંખીનો મેળો, કાયમ કયાં રહેવાનું છે,
ખાલી હાથે આવ્યા એવા, ખાલી હાથે જવાનું છે,
જેને તેં તારૂં માન્યું તે તો, અહીંનું અહીં સહુ રહી ગયું.
........એક પંખી આવીને ઊડી ગયું.

જીવન પ્રભાતે જનમ થયોને, સાંજ પડે ઊડી ગયું,
સગા સંબંધી માયા મૂકી, સહુ છોડી અલગ થાતું,
એકલ વાયું આતમ પંખી, સાથે કાંઇ ન લઇ ગયું.
........એક પંખી આવીને ઊડી ગયું

પાંખોવાળું પંખી ઊંચે, ઊડી ગયું આકાશે
ભાનભૂલી ભટકે ભવરણમાં, માયા મૃગજળથી નાશે,
જગતની આંખો જોતી રહીને, પાંખ વિના એ ઊડી ગયું.
........એક પંખી આવીને ઊડી ગયું



(૧૬)

## એળે ન જાય જો જો અવતાર માનવીનો

એળે ન જાય જો જો અવતાર માનવીનો
જો જો ગુમાવશો ના અવતાર માનવીનો

કેવું અમૂલ્ય જીવન, તુજને મળ્યું છે માનવ(૨)
ઝંખે છે દેવો જેને, અવતાર માનવીનો... એળે ન જાય

પાપોનો ભાર તુજને ,દુર્ગતિમાં દુઃખ આપે (૨)
સદ્‌ગતિમાં જવાને, અવતાર માનવીનો..... એળે ન જાય

દુર્લભ ભવ મળ્યો છે, ફોગટ ગુમાવે શીદને,(૨)
પ્રભુ સાથે પ્રીત કરવા, અવતાર માનવીનો... એળે ન જાય

સંસાર તરવા કાજે, સુખ,દુઃખ સમતા ધરજે. (૨)
મુક્તિ રમણી વરવા, અવતાર માનવીનો... એળે ન જાય



## (૧૭)
## ઓ કરૂણાના કરનારા ! તારી કરૂણાનો કોઈ પાર નથી.

ઓ કરૂણાના કરનારા ! તારી કરૂણાનો કોઈ પાર નથી.
મારા સંકટને હરનારા..... તારી કરૂણાનો કોઈ પાર નથી.

મેં પાપ કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા,
મારી ભૂલોના ભૂલનારા..... તારી કરૂણાનો કોઈ પાર નથી.

હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી,
અવળી સવળી કરનારા..... તારી કરૂણાનો કોઈ પાર નથી.

ઓ પરમકૃપાળું વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા,
વિષને અમૃત કરનારા..... તારી કરૂણાનો કોઈ પાર નથી.

ભલે છોરું કછોરું થાયે, તું માવિતર કહેવાયે,
મીઠી છાયાના દેનારા..... તારી કરૂણાનો કોઈ પાર નથી.

મને જડતા નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો,
મોક્ષ મારગના દેનારા..... તારી કરૂણાનો કોઈ પાર નથી.

છે ભક્તનું જીવન ઉદાસી, તારા શરણે લે વીતરાગી,
ભક્તોના દિલ હરનારા..... તારી કરૂણાનો કોઈ પાર નથી.

## (૧૮)

## ઓ મારા વ્હાલા કયાં જઈ આવ્યા આજ જો

ઓ મારા વ્હાલા કયાં જઈ આવ્યા આજ જો
મુખડું શાને મલકે શું થઈ વાત જો?.... ઓ મારા વ્હાલા

આજ અમેગ્યા'તા...શત્રુંજય ગિરિરાજ જો
યાત્રા નવ્વાણું કરતા...આનંદ આજ જો
ત્યાં બિરાજે મારો...મરુ દેવીનો લાલ જો
પાયે પડતાં પાપો થયા ચકચૂર જો.....મુખડું શાને મલકે

આજ અમેગ્યા'તા...સોરઠ દેશ મોઝાર જો
ગઢ ગિરનાર ચઢિયા...આનંદ આજ જો
ત્યાં બિરાજે અંબા..રાજુલ નેમનાથ જો
પાયે પડતાં પાપો થયા ચકચૂર જો..... ઓ મારા વ્હાલા

આજ અમેગ્યા'તા...સમેતશિખર ગિરિરાજ જો
વામાનંદન ભેટયા ..આનંદ આજ જો
ત્યાં બિરાજે તીર્થંકર પ્રભુ વીસ જો
પાયે પડતાં પાપો થયા ચકચૂર જો..... ઓ મારા વ્હાલા

આજ અમેગ્યા'તા...પાવાપુરી મોઝાર જો
જલમંદિર ત્યાં જોયું આનંદ આજ જો
પ્રભુ મહાવિર ભેટયા ભવદુઃખ જાય જો
પાયે પડતાં પાપો થયા ચકચૂર જો..... ઓ મારા વ્હાલા



## (૧૯)
## ઈતના તો કર હો સ્વામી, જબ પ્રાણ તનસે નિકલે

ઈતના તો કર હો સ્વામી, જબ પ્રાણ તનસે નિકલે
તેરા નામ પ્રભુજી મેરે, હર બાર મુખસે નિકલે.

ઈસ દુનિયાકી કુછ યાદ ન હો, તુમ નૈનન મેં મેરે સાથ રહો;
બંધન કટ જાય સબહી મેરે, જબ પ્રાણ તનસે નિકલે,

ઔર ભવસાગર સે તર જાઉં;
ઓ તેરી દયા કી ઈક નજર, જબ પ્રાણ તનસે નિકલે



(૨૦)

## <u>કરૂણા સાગર હે જિનવર મને, એવું વરદાન,</u>

કરૂણા સાગર હે જિનવર મને, એવું વરદાન,
મારી દ્રષ્ટિમાં સુખ અને દુ:ખ હો, બન્ને એક સમાન.
પ્રભુજી મને એવું દે વરદાન...
મારા મનને રોજ સતાવે, જુઠી જગની માયા,
દોલત વૈભવ માગું તારી માયા,
હો...એટલું તારી પાસે માગું, ના આવે અભિમાન
પ્રભુજી મને એવું દે વરદાન...
ડોલી રહી છે ભવસાગરમાં, મારી આ જીવન નૈયા,
પાર લગાવેજે નૈયા મારી, બનજે તું જ ખેવૈયા,
હો...નામ ના છૂટે મુખથી તારૂં, જ્યાં લગી ઘટમાં પ્રાણ
પ્રભુજી મને એવું દે વરદાન...
કાચી કાયા, જુઠી માયા, જુઠા જગનાં બંધન,
મુકિતસુખને વરવા કાજે, કરીએ તમને વંદન,
હો...તુજ ભકિતના ગીત સદાયે, ગાયે 'લાલ દિવાન'.
પ્રભુજી મને એવું દે વરદાન...



(૨૧)

## ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બીરાજો

ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બીરાજો
પ્રભુ મારા વંદન, પ્રભુ મારા વંદન;
ભલે ના નિહાળું નજરથી તમોને,
મળ્યા ગુણ તમારા સફળ મારૂં જીવન..ગમે...

જન્મ અસંખ્ય મળ્યા તે ગુમાવ્યા,
ન ધર્મ કર્યો કે ન તમોને સંભાર્યા;
હવે આ જીવનમાં કરૂં હું વિનંતી,
સ્વીકારો તમે તો તુટે મારાં બંધન...ગમે..

મને હોંશ એવી ઉજાળું જગતને,
કિરણ મળે જો મારા મનના દીપકને,
તેથી તેજ આપો જલાવું હું જ્યોતિ,
અમરપંથે સહુને કરાવજે તું દર્શન..ગમે..



## (૨૨)
## ચાર દિવસના ચાંદરણા પર, જૂઠી મમતા શા માટે?

ચાર દિવસના ચાંદરણા પછી, જૂઠી મમતા શા માટે?
જે ના આવે સંગાથે, તેની માયા શા માટે?

આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહી પણ ના આવે,
તું ખૂબ મથે જેને મેળવવા તે યૌવન સાથે ના આવે,
અહીંનું છે અહીંયા રહેવાનું, એની દોસ્તી શા માટે? જે..ના..

મેં બાંધેલી મહેલાતો ને, દોલતનું કાલે શું થાશે?
જાવું પડશે જો અણધાર્યું, પરિવારનુ ત્યારે શું થાશે?
સૌનું ભૈવ સૌની સાથે, એની ચિંતા શા માટે? જે..ના..

સુંવાળી દોરીના બંધન, આજે સૌ પ્રમ થકી બાંધે,
પણ તૂટે તંતુ આયુષ્યનો, ત્યારે કોઈ એને ના સાંધે,
ભીડ પડે ત્યાં તડતડ તૂટે, એવા બંધન શા માટે? જે..ના..



(૨૩)

## છો ને મારા તંબૂરાના, થાય ચૂરે ચૂરા,

છો ને મારા તંબૂરાના, થાય ચૂરે ચૂરા,
તો યે તારા ભજન, રહે ના અધૂરા.....(૨)

દિવસ ને રાત હું, ગાવું છું ગીત તારા,
વહેતી નિરંતર જેવી નદીની ધારા,
છોને નહી ઉરના ભાવો, પ્રગટે પૂરે પૂરા...તોયે...

તનને તંબૂરે મારા, આતમના તાર બાંધુ,
તુજમાં હું લીન થઈ, સૂરની સમાધિ સાધું,
છોને મારા ગીત હો, સૂરીલા કે બેસૂરા...તોયે....

તૂટે તંબૂર ભલે, તૂટે સૌ તાર,
તોયે ના ખૂટે એનો, મીઠો રણકાર,
છો ને આ જગના લોકો, કહે ભલા બૂરા....તોયે...



## (૨૪)
## જનારૂં જાય છે જીવન, જરા જિનવરને જપતો જા;

જનારૂં જાય છે જીવન, જરા જિનવરને જપતો જા;
હ્રદયમાં રાખી જિનવરને, પુરાણા પાપ ધોતો જા. ..જનારૂં..

બનેલા પાપથી ભારે, વળી પાપો કરે શીદને;
સળગતી હોળી હૈયાની, અરૈ લમ બુઝાતો જા.. ..જનારૂં..

દયા સાગર પ્રભુ પારસ, ઉછાળે જ્ઞાનની છોળો;
ઉતારી વાસના વસ્ત્રો, અરે પામર તું નહાતો જા. ..જનારૂં..

જિગરમાં ડંખતા દુઃખો, થયા પાપે પિછાણીને;
જિણંદવર ધ્યાનની મસ્તી, વડે એને ઉડાતો જા. ..જનારૂં..

અરે આતમ બની શાણો, બતાવી શાણપણ તારૂં,
હઠાવી જુઠી જગ માયા, ચેતન જ્યોતિ જગાતો જા. ..જનારૂં..

ખીલ્યા ફૂલડાં આજે, જરૂર તે કાલ કરમાશે;
અખંડ આતમ કમલ લબ્ધિ, તણી લય દિલ લગાતો જા.
..જનારૂં..



## (૨૫)
## જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જુઠી;
માનુષા દેહ તારો એમ એળે ગયો,
માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.. જ્યાં લગી
શું થયું સ્નાન, પૂજા ને સેવા થકી,
શું થયું ધરી જટા ભસ્મ લેપન કર્યે,
શું થયું વાળ લોચન કીધે?.. જ્યાં લગી
શું થયું તપ ને તીરથ કીધા થકી?
શું થયું માળ ગ્રહી નામ લીધે
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી,
શું થયું ગંગાજળ પાન કીધે?.. . જ્યાં લગી
શું થયું વેદ વ્યાકરણ વાણી વદ્યે,
શું થયું રાગ ને રંગ જાણ્યે?
શું થયું ખટ દરશન સેવ્યા થકી,
શું થયું વરણના ભેદ આણ્યે?... . જ્યાં લગી
એ છે પરપંચ સહુ, પેટ ભરવા તણા,
આત્મારામ પરિબ્રહ્મ ન જોયો,
ભણે નરસૈયો કે તત્ત્વદર્શન વિના
ચિંતામણિ જન્મ ખોયો.. . જ્યાં લગી



## (૨૬)

## જાગ્યો રે આત્મા આશ જાગી,

(આધા હે ચંદ્રમા)

જાગ્યો રે આત્મા આશ જાગી,
મુકિતના અમૃતની પ્યાસ જાગી, અભિલાસ જાગી,
જાગ્યો રે આત્મા........

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે વૈભવ અળખામણા લાગે,
લાગે ખારો સંસાર,લાગે ખારો અણગાર,
એને સંયમના પંથની લગની લાગી, જાગ્યો રે આત્મા......

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે બંધન સંસારના ત્યાગે,
ત્યાગે સખીઓના પ્યાર, ત્યાગે સઘળો પરિવાર,
એણે વસ્ત્રાલંકારની પ્રીત ત્યાગી, જાગ્યો રે આત્મા......

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે અંધારા દૂર દૂર ભાગે,
ભાગે પાતકના ભાર, ભાગે અવગુણની જાળ,
એના મારગના કંટકો જાય ભાગી, જાગ્યો રે આત્મા......

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે સદગુરૂનો આશરો માગે,
માગે કર્મોનો નાશ, માગે શિવપુરનો વાસ,
એણે ભવભવના દુઃખમાંથી મુક્તિ માગી, જાગ્યો રે આત્મા......



(૨૭)

## જિંદગીમાં કેટલું કમાણા રે જરા સરવાળે માંડજો

જિંદગીમાં કેટલું કમાણા રે જરા સરવાળે માંડજો
સમજુ સજ્જન ને શાણા રે જરા સરવાળે માંડજો.

મોટરો વસાવી તમે બંગલાબાંધ્યા
ખૂબ કીધાં એકઠાં નાણા રે જરા સરવાળે માંડજો.

ઊગ્યાથી આથમણા સુધી ધંધાની ઝંખના
ઉથલાવ્યા આમ તેમ પાના રે, જરા સરવાળો માંડજો.

ખાધું પીધું ને તમે ખૂબ મોજ માણી
તૃષ્ણાના પુરમાં તણાયા રે, જરા સરવાળે માંડજો.

લાવ્યા'તા કેટલું ને લઈ જવાના કેટલું?
આખરે તો લાકડા ને છાણા, જરા સરવાળે માંડજો.

મહાવીરના નામને જેણે નથી જાણ્યું
સરવાળે મીંડા મુકાણા રે, જરા સરવાળે માંડજો.



(૨૮)

## ઝગમગતા તારલાનું દેરાસર હોજો

ઝગમગતા તારલાનું દેરાસર હોજો
એમાં મારા પ્રભુજીની પ્રતિમા હોજો
સુંદર સોહામણી આંગી હોજો... ઝગમગતા તારલા

અમે અમારા પ્રભુજીને... ફૂલોથી વધાવીશું
ફૂલો નહિ મળે તો અમે...કળીઓથી સજાવીશું
કળીઓથી સુંદર ડમરો હોશે..એમા એમાં મારા પ્રભુજીની.

અમે અમારા પ્રભુજીને...સોનાથી સજાવીશું
સોનુનહિ મળે તો ...અમે રૂપાથી સજાવીશું
રૂપાથી સુંદર હિરલા હોશે. ..એમા એમાં મારા પ્રભુજીની.

અમે અમારા પ્રભુજીને...મંદિરમાં પધરાવીશું
મંદિર પધરાવી... અમે હૃદયમાંપધરાવીશું
હૃદયસિંહાસન બેસણાં હોજો ..એમા એમાં મારા પ્રભુજીની.



(૨૯)

## ઝનન ઝનન ઝબકારો રે

ઝનન ઝનન ઝબકારો રે , બોલે આતમનો એક તારો રે,
હવે પ્રભુજી, હવે પ્રભુજી પાર ઉતારો..

તારલિયાનો તોટો નહિ પણ સૂરજ ચંદા એક જ છે
દેવ અનેરા દુનિયામાં પણ મારે મન તું એક છે
ઝનન ઝનન ઝબકારો રે, બોલે ઘૂઘરીનો ઘમકારો રે....હવે

અવની પર આકાશ રહે તેમ કરજો અમ પર છાયા
નિશદિન અંતર રમતી રહેજો મહાવીર તારી માયા
ચમક ચમક ચમકારો રે, તારો મુખડાનો મલકારો રે.. ....હવે

ઉષા સંધ્યાના રેશમ દોરે,સૂરજ ચંદા ઝૂલે,
સનન સનન સનકારો રે, તારી વાણીનો રણકારો રે....હવે

તું છે માતા, તું છે પિતા, તું છે જગનો દીવો,
ત્રિશલાના નાનકડા નંદન, જગમાં જુગ જુગ જીવો,
ઝનન ઝનન ઝબકારો રે, મુજ પ્રાણ થકી તું પ્યારો રે....હવે



(૩૦)

## ઢોલીડા ઢોલ ધીમો ...ધીમો વગાડના

ઢોલીડા ઢોલ ધીમો ...ધીમો વગાડના
પ્રભુ ભકિતનો જોજે.. મહિમા વહી જાયના
... ઢોલીડા ઢોલ ધીમો.

હો...વીર પ્રભુની વાણી મેં અંતરથી જાણી
પ્રભુજીના ગુણલા ગાતાં, હૈયું આ ધરાયના.. પ્રભુ ભકિતનો જોજે..

હે પલ પલ સમરું હૈયે , આવું હું ઉમંગે
દર્શન કરતાં મારી, આંખડી ધરાયના... પ્રભુ ભકિતનો જોજે..

હો...કરવી તો છે માર, આ સંયમની સાધના
હો...મુકિતના પંથે છે, મારી એક જ ભાવના
આતમ દર્શન કેરો રંગ ઊડી જાય ના.. પ્રભુ ભકિતનો જોજે..



## (૩૧)
## તમે મન મુકીને વરસ્યા અમે જનમ જનમના તરસ્યા

તમે મન મુકીને વરસ્યા અમે જનમ જનમના તરસ્યાં
તમે મુશળધારે વરસ્યા અમે જનમ જનમના તરસ્યાં

હજાર હાથે તમે દીધું પણ જોળી અમારી ખાલી
જ્ઞાન ખજાનો તમે લૂંટાવ્યો તોયે અમે અજ્ઞાની
તમે અમૃતરૂપે વરસ્યાં અમે ઝેરનાં ઘૂંટડા સ્પર્શયા...તમે...

શબ્દે શબ્દે સાતા આપે એવી તમારી વાણી
એ વાણીની પાવનતાને અમે કદીના પીછાણી
તમે મહેરામણ થઈ ઉમટયાં, અમે કાંઠે આવી અટકયાં...તમે...

સ્નેહની ગંગા તમે વહાવી જીવન નિર્મળ કરવા
પ્રેમની જ્યોતિ તમે જગાવી આતમ ઉજ્જવળ કરવા
તમે સૂરજ થઈને ચમક્યાં, અમે અંધારામાં ભટક્યા...તમે...



(૩૨)

## તમે તો અમારા ને અમે તો તમારા

તમે તો અમારા ને અમે તો તમારા
સબંધો છે આપણાં પુરાણાં પુરાણાં.... તમે તો અમારા
એક યુગમાં આપણે સાથે હતા રે
દિવસો મિલનના કેવા રે જતા રે
સમયના સંગાથે ભૂલાણાં ભૂલાણાં..... તમે તો અમારા
તોડયા તમે ભવોભવ કેરા ચકકર
મારા નસીબે આ સંસાર નકકર
મોહ માયામાં અમે ફસાણાં ફસાણાં .......તમે તો અમારા
અરિહંત પદને પામ્યા તમે તો
સંસાર માયામાં રહી ગ્યા અમે તો
અમે લોભ ક્રોધમાં મરાણાં મરાણાં.... તમે તો અમારા
તમારા મિલનન અરમાને ઘૂમું
કયારે આવીને તમારા ચરણોને ચૂમું
'રાહી' વિરહ અશ્રુ વેરાણા વેરાણાં... તમે તો અમારા



(૩૩)

## તારા રે નામનો લીધો મેં સહારો

તારા રે નામનો લીધો મેં સહારો
તું મારો સૂર, પ્રભુ હું એક તારો,
ઓ સ્વામી મુજને ભવથી ઉગારો,
મારી વિનંતી હવે ઉર ધારો...તારા રે નામનો

આ રે સંસારમાં ભમતાં ભમતાં
રહીએ રે ભવભવમાં દુઃખડાઓ ખમતાં
લાગ્યો છે થાક પ્રભુ હવે એકધારો.. ...તારા રે નામનો

કયારેક રાગી, કયારેક દ્વેષી
કયારેક કામી ને કયારેક કલેષી,
આ ચિત્તવૃતિનો મળે ના કિનારો. ...તારા રે નામનો

પ્રીતિ આ જગની કરી કરીને,
દગા અને ફટકાની છાબો ભરીને,
માન્યો છે તને હવે પ્રીતમ મારો,
જોજે તૂટે ના હવે આશાનો મિનારો...તારા રે નામનો

(૩૪)

## તારા વિના મને એકલડું લાગે

તારા વિના મને એકલડું લાગે
દરશન દેવાને વહેલા આવજો
તારા વિના પ્રભુ ! મને સૂનું સૂનું લાગે
દર્શન વહેલા આપજો...તારા વિના
રોજ રોજ તારી યાદ આવે
તારા વિરહની વેદના સતાવે
આવું હું તારે દ્વાર..
માગું હું તારી પાસ...દરશન
ભકિતના રંગે રંગાણી
પ્રભુ ! પ્રીત મારે મનડે બંધાણી
ભક્તિથી મુક્તિ મળો
છુટકારો સૌથી મળો.... તારા વિના મન

## (૩૫)

## તારે દ્વાર આવીને કોઈ ખાલી હાથે જાય ના

તારે દ્વાર આવીને કોઈ ખાલી હાથે જાય ના..
કરૂણા નિધાન..(૨)
આ દુનિયામાં કોઈ નથી રે તુજ સરીખો દાતાર
અપરંપાર દયા છે તારે, તારા હાથ હજાર
તારી જ્યોતિ પામીને કોઈ અંધારે અટવાય ના...
કરૂણા નિધાન..(૨)
શરણે આવેલાનો સાચો તું છે રક્ષણહાર
ડગમગતી જીવનજ્યોતનો તું છે તારણહાર
તારે પંથે જનારો કદીયે ભવરણમાં ભટકાય ના..
કરૂણા નિધાન..(૨)
ખૂટે નહિ કદૈપ એવો તારો પ્રેમ ખજાનો
મુક્તિનો માર બતલાવે, એવો પંથ મજાનો
તારે શરણે જે કોઈ આવે,રંક પણ રહી જાયના...
કરૂણા નિધાન..(૨)



(૩૬)

## <u>તારો સોનાનો વળી રૂપાનો આ મુગટડો ચમકે છે</u>

તારો સોનાનો વળી રૂપાનો આ મુગટડો ચમકે છે

મુગટની કોરમોર સોહે છે કુંડળ
પ્રભુજીનું મુખડું મલકે છે..આ મુગટડો

મુખડું દેખી હૈયું મારું હરખે છે.
તારાં નયણે સદા અમીરસ વરસે છે.
મુગટની કોરમોર સોહે છે કુંડળ
પ્રભુજીનું મુખડું મલકે છે..આ મુગટડો

હીરા મોતીની માળ મજાની સોહે છે
મુખડા કેરી જ્યોત મજાની ચમકે છે
મુગટની કોરમોર સોહે છે કુંડળ
પ્રભુજીનું મુખડું મલકે છે..આ મુગટડો

દાદા તુજને ભેટવા દિલ તરસે છે.
ભવના મુસાફર કરૂણાદ્રષ્ટિ ઝંખે છે
મુગટની કોરમોર સોહે છે કુંડળ
પ્રભુજીનું મુખડું મલકે છે..આ મુગટડો



## (૩૭)

## <u>તું મેરે મનમેં તું મેરે દિલમેં</u>

તું મેરે મનમેં તું મેરે દિલમેં
નામ જપું પલપલમેં હો જિનજી,.... તું મેરે
શાંતિ જિનેશ્વર સાહેબ સાચો,
શાંતિ કરણ એક પલમેં હો જિનજી, ... તું મેરે
નિર્મળ જયોતિ વદન પર સોહે,
નિકસ્યો જ્યું ચંદ્ર બાદલ મેં હો જિનજી.. ... તું મેરે
મેરો તો મન પ્રભુજી શું લીન,
મીન વસત જેમ જલમેં હો જિનજી.. ... તું મેરે
ભવોભવ ભમતાં મેં દરિસણ પાયો,
આશા પૂરો એક પલમેં હો જિનજી.. ... તું મેરે
જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર,
દેખ્યો મેં દેવ ખલકમેં હો જિનજી... ... તું મેરે

## (૩૮)
## થાળ ભરી ચોખાને...ઘીનો છે દીવડો

થાળ ભરી ચોખાને...ઘીનો છે દીવડો
શ્રીફળની જોડ લઈને,
હાલો...હાલો પાલીતાણા જઈએ રે.
પાલીતાણા તીર્થમાં આદિનાથ શોભતા
મુખડું પૂનમ કેરો ચંદ રે...હાલો હાલોને
પાલીતાણા તીર્થના ઊંચા રે શિખરો
જોઈને મન હરખાય રે......હાલો હાલોને
દાદાના ચોકમાં નાચે પારેવડાં
મોરલા કરે ટહુકાર રે......હાલો હાલોને
દાદાની યાત્રા કરી હૈયું હરખાય છે
સેવકનો કરો ઉદ્ધાર રે... ...હાલો હાલોને



(૩૯)

## દરશન દેજો નાથ... દર્શન દેજો નાથ..

દરશન દેજો નાથ... દરશન દેજો નાથ
ભક્તો તારા તને પોકારે.. દરશન દેજો નાથ
...... દરશન દેજો નાથ

અંતરની તમે આશા પૂરજો...દુઃખડા સૌના હરજો
દીનદયાળુ દાદા મારા...રક્ષા સૌની કરજો
ભૂલું ના તને નાથ...છૂટે ના તારો સાથ....ભકતો તારા તને

પ્રભુ તારા ચરણોમાં હું...માગું તારી સેવા
શંખેશ્વરના પાર્શ્વપ્રભુજી..હો દેવાધિદેવા
લઈએ તારું નામ...ધરીએ તારું ધ્યાન....ભકતો તારા તને

અમી ભરેલી આંખડી તારી વરસે અમૃતધારા
કૃપાનિધિ કરૂણાસાગર...જગના પાલનહારા
દેજો મોક્ષનું ધામ...હૈયે પૂરજો હામ....ભકતો તારા તને



(૪૦)

## દર્શન દો એક વાર...(૨) આવ્યો તમારે દ્વાર પ્રભુજી !

દર્શન દો એક વાર...(૨) આવ્યો તમારે દ્વાર પ્રભુજી !

નાથ નિરંજન પરદુઃખભંજન ...તમે છો અંર્તયામી
ભાવ ભરેલી ભકિત મારી...શું છે બોલો ખામી?
વીનવું વારંવાર(૨)

ચંદનથી પણ શીતળ લાગે...અમૃત જેવી વાણી
પથ્થર જેવા હૈયા સૌના ...થાતા પાણી પાણી
સહુના તારણહાર (૨)

ચારગતિના ફેરા ફરી...આવ્યો હું તારે દ્વાર
મહેર કરી મને તારો સ્વામી....સાર નથી સંસારે,
જાવું છે ભવ પાર(૨)



## (૪૧)
## દાદાને શિખરે બેઠો રે....મોર કાં બોલે

દાદાને શિખરે બેઠો રે....મોર કાં બોલે
મોર કાં બોલે રે મોર કાં બોલે....દાદા

મોર બોલે શેત્રુંજય ઉપર મોર બોલે
ત્યાં તો શોભે આદિનાથ
એની શોભાનો નહીં પાર
ચાલો ભેટવા જઈએ... મોર કાં બોલે....દાદા

મોર બોલે ગિરનાર ઉપર મોર બોલે
ત્યાં તો શોભે નેમિનાથ, ઊગારી રાજુલ નમણી નાર
બન્ને મોક્ષ ગયા સાથ... મોર કાં બોલે....દાદા

મોર બોલે શંખેશ્વરમાં...મોર બોલે
ત્યાં તો શોભે પારસનાથ, ઉગાર્યો આગમાંથી નાગ
એના મહિમાનો નહિ પાર.. મોર કાં બોલે...દાદા

મોર બોલે પાવાપુરીમાં...મોર બોલે
ત્યાં તો શોભે વીર ભગવાન,ઉગારી ચંદનબાળા નાર
ઉગાર્યો ચંડકૌશિક નાગ..મોર કાં બોલે....દાદા



(૪૨)

**દુહાઓ..**

(૧)

પ્રભુ શાસનને ભજનારો...દુનિયામાં દુઃખી હોય નહી.
આવે જો કદી દુઃખ પાસ તો દીન હીન એ બને નહી.
શાસન તારું બોલે કદીયે...દુઃખમાં દીન બને નહી.
સુખની છોળે છોને ઉછળે..લયલીન એ બને નહી.

(૨)

પ્રસન્નતાભરી મૂર્તિ નિહાળી.. પ્રસન્નતા ફેલાતી
હૈયાની નિરાશા સઘળી..દૂર દૂર ફેલાતી;
આનંદરસ સાગરની લહેરો..હ્રદયે તો લહેરાતી
જયાં જયાં નિહાળું બધે..તમારી મૂર્તિ મને દેખાતી.

(૩)

ઘનનન ઘનનન ઘંટ બજે ને..ટનન ટનન ટનન ટંકાર કરે
ઘમ ઘમે ઘમઘમ ઘૂંઘરું વાગે, મારા હૈડે ભકિતનો ભાવ ચડે
ઝણઝણ ઝણણ ઝણ ઝાલર ઝમકે, ઢમઢમ ઢમ ઢમ ઢોલ વાગે
ખનનન ખનનન ખન હૈડું નાચે..મારા પ્રભુના ચરણે શીશ ઝૂકે

(૪)

તારી દયાનો મેઘ વરસે, પાપી પાવન થાય;
અંધા દેખે પંગુ ચાલે ..મુંગા ગીતડા ગાય

(૫)

ધરતી સોરઠ દેશી વળી, યુગ યુગના એંધાણ રે;
ત્યાં છે આદેશ્વરના બેસણા, વિમલાચલ  એવા નામ.

(૬)

ભલે પધાર્યા અમ આંગણિયે,નરનારી સૌ દર્શન કરે
ધન્ય ધન્ય સોરઠના રાજા, દર્શન કરતા દુઃખડા ટળે

(૭)

પરદુઃખભંજન નાથ નિરંજન, ત્રિશલાનંદન મહાવીરા
તને કોટિવંદન ભવદુઃખ ભંજન, પરમકૃપાળુ ઓ વીરા.
પાવાપુરી વાળા દીનદયાળા, પરમકૃપાળુ ઓ વીરા
જગમંગલવાળા પંથ નિરાળા, મનહર નારા મહાવીરા.

(૮)

હે ફરરર  ફરરર ફરકે ધજાયું, મંદિરે તારા સોહામણી,
ટગર ટગર સહુ જુએ ઊડતી, ધજાઓ પેલી સોહામણી
ટેહુક ટેહુક તારા મંદિરના શિખરે, મોરલિયો ટહુકાર કરે
આવો મંદિર ગાવો ગીતડા, ભક્તો સૌ ટહુકાર કરે.

(૯)

જાવું જીવવું નથી, જીનરાજ વિના જીવવું નથી,
તારા ગુણોનાં ગીતડા ગાયા વિના ગમતું નથી;
ઉપકાર તારો શેં ભૂલું, તેં શરણ દીધું પ્રેમથી
પ્રેમલ નિશ્ચય માહરો, તારી બંદગી એ મુજ જિંદગી.

(૧૦)

હે જૈન કુળે અવતાર મળો ને સાંભળવા જીનવાણી મળો,
જીન પૂજા ત્રણકાળ મળો, ને અંત સમય નવકાર મળો.



(૪૩)

## <u>નામ હૈ તેરા તારણહારો...કબ તેરા દર્શન હોગા?</u>

નામ હૈ તેરા તારણહારો...કબ તેરા દર્શન હોગા?
જિનકી પ્રતિમા ઈતની સુંદર, વો કીતના સુંદર હોગા..નામ હૈ

તુમને તારે લાખો પ્રાણી......યે સંતો કી વાણી હૈ
તેરી છબી પર મેરે ભગવંત.....યે દુનિયા દીવાની હૈ
ભાવસે તેરી પૂજા રચાઉં.... જીવન મેં મંગલ હોગા
.......જિનકી પ્રતિમા

સુરવર મુનિવર જિનકે ચરણે નિશદિન શીશ ઝુકાતે હૈ
જો ગાતે હૈ પ્રભુ કી મહિમા..વો સબકુછ પા જાતે હૈ
અપને કષ્ટ મિટાને કો તેરે ચરણો મેં વંદન હોગા
.......જિનકી પ્રતિમા

મનકી મુરાદેં લેકર સ્વામી તેરે ચરણ મેં આયે હે
હમ હૈ બાલક તેરે ચરણ મેં તેરે હી ગુણ ગાતે હૈ
ભવસે પાર ઊતરને કો તેરે ગીતોં કા સરગમ હોગો
.......જિનકી પ્રતિમા



(૪૪)

## નૈયા ઝૂકાવી...

નૈયા ઝૂકાવી મેંતો જોજે ડુબી જાયના
ઝાંખો ઝાંખો દિવો મારો જોજે રે બુઝાયના.
સ્વાર્થનું સંગીત ચારે કોર બાજે
કોઈનું કોઇ નથી દુનીયામં આજે
તનનો તંબુરો જોજે બેસુરો થાય ના..... ઝાંખો ઝાંખો દિવો

પાપ ને પુણ્યના ભેદ રે પરખાતા
રાગ ને દ્વેષ આજે ઘટ ઘટ ઘુંટાતા
જોજે આ જીવતરમાં ઝેર પ્રસરાયના....... ઝાંખો ઝાંખો દિવો

શ્રધ્ધાના દિવડાને જલતો તું રાખજે
નિશદિન સ્નેહ કેરું તેલ એમાં પૂરજે
મનને મંદિરે જોજે અંધારૂં થાય ના.... ઝાંખો ઝાંખો દિવો



(૪૫)

## પરમાત્મા એ આત્માને..શાંતિ સાચી આપજો

હે નાથ ! જોડી હાથ પાયે પ્રેમથી સૌ લાગીએ
શરણું મળે સાચું તમારું ..એ હ્દયથી માગીએ;
જે જીવ આવ્યો આપ શરણે..ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને..શાંતિ સાચી આપજો

વળી કર્મના યોગે કરી..જેકુળમાં એ અવતરે
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભકિત કરે
લક્ષ ચોર્યાસી બંધનોને..લક્ષમાં લઈ કાપજો
પરમાત્મા એ આત્માને..શાંતિ સાચી આપજો

સુસંપત્તિ સુવિચારો ને સત્કર્મનો દઈ વારસો
જન્મો જનમ સત્સંગથી કિરતાર પાર ઉતારજો
આ લોકને પરલોકમાં તુજ પ્રમ રગ રગ વ્યાપજો
પરમાત્મા એ આત્માને..શાંતિ સાચી આપજો

મળે મોક્ષ કે સુખ સ્વર્ગનું આશા ઉરે એવી નથી
મળ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી
સાચુ બતાવી રૂપ શ્રીવીર હ્દયે સ્થાપજો
પરમાત્મા એ આત્માને..શાંતિ સાચી આપજો



(૪૬)

## પાપ કરતા માપ રાખ્યું હોતતો

(ઢાળઃ આંખડી મારી)

પાપ કરતા માપ રાખ્યું હોતતો
આજ મારી હાલત આ ન હોત જો...પાપ કરતાં

કર્મરાજા કોઈને મૂકતા નથી
સત્ય એ મેં યાદ રાખ્યું હોત તો......પાપ કરતાં

સુખમાં રહેવું છે સર્વને
અન્યને મેં દુઃખ દીધું ના હોત જો.. ...પાપ કરતાં

જંતુને  પણ જીવ વ્હાલો  હોય છે
કોઈનો મેં જીવ લીધો ના હોતતો.. ...પાપ કરતાં

અન્ન ખાતા-બોલતાં કે ચાલતાં
કાળજી થોડી રાખી હોત જો.. ...પાપ કરતાં

સો ગણો બદલો મળે છે પાપનો
એ વચનને માન આપ્યું હોત તો.. ...પાપ કરતાં



(૪૭)

## પ્રભુ તારું ગીત મારે ગાવું છે.

પ્રભુ તારું ગીત મારે ગાવું છે
પ્રેમનું અમૃત પાવું છે,
પ્રભુ તારું ગીત મારે ગાવું છે....પ્રભુ....

આવે જીવનમાં તડકાને છાયા
માગું છું પ્રભુ તારી જ માયા
ભક્તિના રસમાં  નહાવું છે. ....પ્રભુ....

ભવસાગરમાં નૈયા ઝુકાવી
ત્યાં તો અચાનક આંધી ચડી આવી
સામે કિનારે મારે જાવું છે. ....પ્રભુ....

તું વીતરાગી, હું અનુરાગી
તારા ભજનની રટ મને લાગી
પ્રભુ તારા જેવું મારે થાવું છે....પ્રભુ....



## (૪૮)

## <u>પ્રભુ મારું જીવન, ધરું તારા ચરણોમાં..</u>

(ઢાળઃ દાદા તારું મંદિરતો)

પ્રભુ મારું જીવન, ધરું તારા ચરણોમાં..
નિશદિન ભકિત કરું તું રહે મારા નયનોમાં.. પ્રભુ

કાળ અનાદિ અનંતથી, હું ભટકતો દુર્ગતિમાં,
તારી કરૂણા નજરે હું આવ્યો સદ્‌ગતિમાં..પ્રભુ

તારી અમી નજરે, ગુરુમાં જ્ઞાની મળ્યા
અજ્ઞાનના અંધારા જ્ઞાનાંજને દૂર કર્યા.. પ્રભુ

પ્રભુ તારું આ શાસન, છે મુકિત નગરનું વાહન
અંતર્મુખ બને આતમ, તો શાસન તરવાનું સાધન.. પ્રભુ

તારી કૃપા દ્રષ્ટિબળે, મારા ભવના ફેરા ટળે,
કૃપાળુ દેવ ! હવે મારું મન બીજે ના ભળે.. પ્રભુ



(૪૯)

## પૈસા કે પ્રભુ

પથ્થર જેવા પૈસા ને સોના જેવા સ્વામી
એમાં કોણ તમને પ્યારૂં  બોલો પૈસા કે પ્રભુ.....

પૈસો તમને પ્યારો છે પણ  એને કોઈ નથી પ્યારૂં
બે ઘડી દિલને બ હેલાવે ને ત્રીજી ઘડીએ અંધારૂં
સુખ દુઃખમાં સાચ સંગાથી પૈસા કે પ્રભુ ?... એમાં કોણ...

મળશે તો પણ પૈસાથી તો સંસારી સુખ મળવાના
નિત નિત નવલી તૃષ્ણા મળે એવા સુખ શું કરવાના
સઘળા સુખથી મુકિત આપે પૈસા કે પ્રભુ?... એમાં કોણ...

સાચા દિલથી એક વેળાએ, સંભારો ત્યાં પ્રભુ આવે
જીવનભર પૈસા ને પુજો, તોય સદાએ તડપાવે
સહેલું કે સુખદાયી સાધન પૈસા કે પ્રભુ? ... એમાં કોણ...

આત્માને પરમાત્મા જ્યારે એકબીજાને અપનાવે
શાંતીને સંતોષ તણો ત્યાં શાસન સંગમ સમજાવે
સિદ્ધિના દ્વારે પહોંચાડે પૈસા કે પ્રભુ? ... એમાં કોણ...



## (૫૦)

## બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો
તોયે અરે! ભવચક્રનો આંટો, નહિ એકકે ટળ્યો.
સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો?
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!!
નિર્દોષ સુખ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી, જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિધ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહીં.
હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આ ત્મિકજ્ઞાનનાં સિધ્ધાંતતત્વ અનુભવ્યાં!
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.
શ્રીમદ્ રાજચંદ્ર



## (૫૧)

## બિના નયન પાવે નહીં

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત.... બિના નયન
બુઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહિ અનાદિ સ્થિત... બિના નયન
એહિ નહિ હૈ કલ્પના, એહિ નહિ વિભંગ;
કઇ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ... બિના નયન
નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લહિ ઉપદેશ;
સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.. બિના નયન
જપ તપ, ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઇ કૃપા અનૂપ.. બિના નયન
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરૂષકે, તો સબ બંધન તોડ.



(૫૨)

## ભીતર વળશો કયારે?

ભીતર વળશો કયારે?
નયણાં ! ઢળશો ભીતર કયારે?
બાહ્ય પદારથ બહુ બહુ જોયા, ભટકી બ્હારે બ્હારે.
અંતર શોધ ચલાવવાં હાવાં
ભીતર વળશો કયારે?.... નયણાં !....
જગ પરથી વાળી લઈ તમને
ઢાળું જ્યાં જગ પાસે,
ત્યાં પળમાં તો ક હીય પહોંચ્યો,
ચંચળ ના ઓછાં રે
ભીતર વળશો કયારે?.... નયણાં !....
શંખ છીપ અસંખ્ય વીણ્યાં અહીં,
સાગર ને પડથારે
મોતી લેવા મહેરામણમાં
કરશો મજ્જન ક્યારે?
ભીતર વળશો કયારે?.... નયણાં !....
સાધન રૂપ ગણ્યા'તા તમને,
બંધન આજ બન્યા રે
હરિદર્શન આડે કાં આવો,
નયણા ઓ મારા રે!.....નયણા....
નયણાં બંધ થશો અવ ક્યારે
ભીતર વળશો કયારે?.... નયણાં !....



## (૫૩)
## મને વ્હાલું લાગે, મને વ્હાલું લાગે

મને વ્હાલું લાગે, મને વ્હાલું લાગે
મને વ્હાલું લાગે, દાદા તારું નામ
તન, મન,ધન પ્રભુના ચરણોમાં
મને વ્હાલું લાગે(૩) દાદા તારું નામ
તન, મન,ધન પ્રભુના ચરણોમાં

પ્રભુજી અમારા હૈયામાં રહેજો
આવીને મારો હાથ પકડજો
જીવનના આધાર છો,
જીવનના શણગાર છો
તમે મારા ચિતડાના ચોર
તન, મન,ધન પ્રભુના ચરણોમાં

તારા ગુણોનો પાર ન આવે
પાર ન આવે, ગણતા પાર ન આવે
દેવોના પણ દેવ છો,
ત્રણ ભુવનના નાથ છો
તમે મારા હૃદયના પ્રાણ
તન, મન,ધન પ્રભુના ચરણોમાં.



(૫૪)

## મમતા તું મેલ, મમતા તું મેલ

મમતા તું મેલ, મમતા તું મેલ
માયાવી દુનિયાની મમતા તું મેલ.

જુઠો છે ખેલ, આ જુઠો છે ખેલ
સંસારી દુનિયાનો આ જુઠો છે ખેલ.

જે તારું દેખાય, તે તારું ન થાય
ખાલી ઝંઝાળોમાં ભટકયો તું જાય.

જીવનમાં એક રાખી લે ટેક,
મુકિતને કાજે છે માનવનો દેહ.

મમતા જો જાય,સમકિત થાય
સમકિત થાયે તો મુકિત પમાય.

મમતા તું મેલ, મમતા તું મેલ
માયાવી દુનિયાની મમતા તું મેલ.

## (૫૫)

## મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરિયે ડોલતી;

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરિયે ડોલતી;
સાચો કિનારો કંઈક બતાવ, તું છે જીવનનો સારથિ
જીવન નૈંયા ભરદરિયે ડોલતી,
આશાની આભમાં અંધારે ઝુલતી
વાગે માયાનાં મોજા અપાર, હાંકું તારા આધારથી...સાચો

વૈભવના વાયરા  દિશા ભુલાવતા,
આશાના આભલા મનને ડોલાવતાં,
તોફાન જાગ્યું છે દરિયા મોઝાર, હોડી હલકારા મારતી....સાચો

ઊંચે છે આભ ને નીચે છે ધરતી,
માન્યો છે એક મેં સાચો તું સારથિ,
જૂઠો જાણ્યો આ સઘળો સંસાર, જીવું હું તારા આધારથી..સાચો

કાયાની દાંડીનું કાચું છે લાકડું,
તું છે મદારી અને હું છું તારું માકડું,
દોરી મેં ભક્તિની ઝાલી કિરતાર, નીકળું હું ખોટા
સંસારથી..સાચો

તોફાની સાગરમાં નૈયાને તારજો,
છેલ્લી અમારી પ્રભુ અરજી સ્વીકારજો,
પ્રભુ દર્શન દેજો તત્કાળ, છુટું હું તારા વિયોગથી...સાચો



(૫૬)

## મહામંત્ર છે મોટો જગમાં, એકજ શ્રી નવકાર રે

હે જી મહામંત્ર છે મોટો જગમાં, એકજ શ્રી નવકાર રે
ધૂન લગાવો સાથે મળી સહું, એ છે તારણહાર રે..હે જીમહામંત્ર છે..

નમો અરિહંતાણં કહેતો, તરિયે સાગર પાર રે..(૨)
નમસ્કાર હોજો સિદ્ધોને, કોટી કોટી વાર રે ...(૨)
આચાર્ય ભગવંતો ને હું, વંદુ વારંવાર રે....ધૂન..

ઉપાધ્યાય સ્વાધ્યાય દઈને, કરે સદા ઉપકાર રે..(૨)
સાધુની સેવા કરવાને, થાજો સૌ તૈયાર રે..(૨)
એ પાંચની ભકિત કરીને, સફળ કરો અવતાર રે..ધૂન..

નવકારના અનેક ગુણો, ગણતા નાવે પાર રે..(૨)
એમાં પૂર્ણપણે સમાયો, ચૌદ પૂર્વનો સાર રે...(૨)
ધન્ય ધન્ય અવતાર જેનો, સમરે શ્રી નવકાર રે...ધૂન..



(૫૭)

## મારા દાદાને દરબાર ઢોલ વાગે છે

મારા દાદાને દરબાર ઢોલ વાગે છે.
વાગે છે ઢોલ વાગે છે.. મારા દાદાને દરબાર

ગામ - ગામના સોનીડા આવે છે.
આવે છે શું - શું લાવે છે?
મારા દાદાનો મુગટ ભરાવે છે...મારા દાદાને દરબાર

ગામ - ગામના માળીડા આવે છે.
આવે છે શું - શું લાવે છે?
મારા દાદાના ફૂલડા લાવે છે. ...મારા દાદાને દરબાર

ગામ - ગામના શ્રાવકો આવે છે.
આવે છે શું - શું લાવે છે?
સાચાઅંતરની ભાવના ભાવે છે.
મારા દાદાને દરબાર ઢોલ વાગે છે.



(૫૮)

## મારા હૈયે વિરાજતા આદિનાથજી......

મારા હૈયે વિરાજતા આદિનાથજી, જિનવરજી, મહાવીરજી
જેના દર્શન કરીને થયું પાવન આ મન
જેના મુખડા ને જોઈ બન્યું જીવન આ ધન્ય
મારા વીર રે પ્રભુ...

હું તો વીર પ્રભુજીની ભકિત રે કરું
મારું જીવન આખું ચરણે ધરું
તારા મુખડાને જોઈ દાદ નમન કરું,
મારું મોહી લીધું મન......

હું તો નામ રટણ કરું ઘડી રે ઘડી રે
હવે સાંભળજો દાદા મારે ભીડ રે પડી
તારી આંખોમાં જોઈ છે મેં પ્રમની જડી,
મારા તારણતરણ.....

મારો આતમ બન્યો છે આજ બડભાગી
મેં તો હૈયા મેલ્યા છે આજ શણગારી
તમે વહેલ પધારો ઉરના આંગણીયે..મારા વીર રે પ્રભુ

## (૫૯)
## મારી આજની ઘડી છે રળિયામણી

મારી આજની ઘડી છે રળિયામણી
હાં રે...મને વ્હાલો મળ્યાની વધામણીજી રે... મારી આજની ઘડી

હાં રે...હું તો ધ્યાન ધરું છું પ્રભુ તારું
હા રે...મારા અંતરમાં ગયું અજવાળું જી રે... મારી આજની ઘડી

હાં રે...મેં તો મોતીના સાથિયા પુરાવિયા
હાં...રે મેં તો પ્રેમે પ્રભુને વધાવિયાજી રે... મારી આજની ઘડી

હાં રે..તારી ભકિત કરવાને કાજ આવીયો
હા રે...તારા દર્શન કરવાને આજ આવીયો... મારી આજની ઘડી

(૬૦)

## મારી આ જીવન નૈયા

મારી આ જીવન નૈયા, મારી આ જીવન નૈયા
જોજે ના ડૂબે નૈયા, જોજે ના ડૂબે નૈયા...મારી આ
નાવ ઝોલે ચડી, ઊંચે આંધી ચડી,
મારે જાવું છે દૂર કાંઈ સુઝે નહીં,
નથી જડતી કડી, રાત કાળી નડી, ઘનઘોર ઘટા જાણે છાઈ રહી,
દશા છે આવી મારી, એને તૂં લે ઉગારી.(૨) જોજે ના ડૂબે....
મેઘ ભીષણ ગરજે,વીજ કળકળ બોલે,
મને એકે કિનારો જોવા ના મળે
જાણે પાણી તળે, સામું કોઈના મળે, તને યાદ કરૂં છું હું પળે પળે
સાગર છે બહુ તોફાની, પ્રભુ તું છે સુકાની.(૨) જોજે ના ડૂબે..
ચંદ્ર વાદળ છુપાય, તારલીયા ના દેખાય,
રાત અંધારી કેમે કરી ના સહેવાય,
નાવ મારી અથડાય, મોજા સાથે પછડાય,
નાવ તુટીને અંદરમાં પાણી ભરાય,
નૈયા જો ડૂબે મારી, જશે લાજ પ્રભુ તારી. (૨) જોજે ના ડૂબે....
મારી જીવનની નાવ, પાર એને લગાવ,
મારા અંતરના ખુણામાં દીપક પ્રગટાવ,
જાયે જેથી અંધકાર, પહોંચી સાગરને પાર,
'જૈન સંયુક્ત મંડળ' કરે જય જય કાર
પ્રભુ તારા ગીતડા ગાવા, મારે મન મોટા લ્હાવા.(૨)જોજે ના..



## (૬૧)
## મારી આંખોમાં શંખેશ્વર આવજો રે

મારી આંખોમાં શંખેશ્વર આવજો રે
હું તો પાંપણના પુષ્પે વધાવું
મારા હૈયાના હાર બની આવજો...મારી

તમે વામાદેવીના જાયા,
ત્રણ લોકમાં આપ છવાયા,
મારા મનના મંદિરમાં પધારજો..મારી

ભવસાગર છે બહુ ભારી,
ઝોલા ખાતી રે નાવડી મારી,
નૈયાના સુકાની બની આવજો..મારી

મને મોહરાજાએ હરાવ્યો,
મને મારગ તારો ભુલાવ્યો,
જીવનના સારથિ બની આવજો...મારી

મારા દિલમાં રહ્યા છો આપ,
મારા મનમાં ચાલે તારો જાપ,
મારા મનના મયૂર બની આવજો..મારી



(૬૨)

## મારું આયખું ખૂટે જે ઘડીએ

મારું આયખું ખૂટે જે ઘડીએ, ત્યારે મારા હ્રદયમાં પધારજો
છે અરજી તમોને બસ એટલી, મારા મૃત્યુને સ્વામીસુધારજો.

જીવનનો ના કોઈ ભરોસો..દોડા દોડીના આ યુગમાં
અંતરિયાળે જઈને પડું જો..ઓચિંતા મૃત્યુના મુખમાં
ત્યારે મારા સ્વજન બની આવજો
થોડા શબ્દો ધરમના સુણાવજો.

દર્દ વધ્યા છે આ દુનિયામાં..મારે રિબાવી રિબાવીને
એવી બીમારી જો મુજને સતાવે..છેલ્લી પળોમાં રડાવીને
ત્યારે મારી મદદમાં પધારજો
પીડા સહેવાની શકિત વધારજો

જીવવું થોડુંને ઝંઝાળ ઝાઝી, એવી સ્થિતિ છે આ સંસારની
છૂટવા દે ના મરતી વેળાએ, ચિંતા મને જો પરિવારની
ત્યારે દીવો તમે પ્રગટાવજો,
મારા મોહ તિમિરને હટાવજો.



## (૬૩)
## મારો ધન્ય બન્યો આજે અવતાર

મારો ધન્ય બન્યો આજે અવતાર, કે મળ્યા મને પરમાત્મા
કરું મોંઘો ને મીઠો સત્કાર, કે મળ્યા મને પરમાત્મા

શ્રદ્ધાના લીલુડાં તોરણ બંધાવું
ભક્તિના રંગો થી આંગણ સજાવું
હો...સજે હૈયું સોનેરી શણગાર
કે મળ્યા મને પરમાત્મા....મારો

પ્રીતિના મઘમઘતાં ફૂલડે વધાવું
સંસ્કારે ઝળહળતા દીવડા પ્રગટાવું
હો..કરે મનનો મોરલિયો ટ હુકાર
કે મળ્યા મને પરમાત્મા....મારો

ઊરના આસનીએ હું તો પ્રભુને પધરાવું
જીવન આખું તારા ચરણે બિછાવું
હો..હવે થાશે આતમનો ઉદ્ધાર
કે મળ્યા મને પરમાત્મા....મારો



(૬૪)

## મૈત્રીભાવનું પવિત્ર ઝરણું...

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.. મૈત્રી..

ગુણ થી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે,
દીન ક્રુર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ વહે,
કરૂણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્ત્રોત વહે...મૈત્રી..

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઊપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું
ચિત્રભાનુની ધર્મભાવવના, હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે....મૈત્રી....

મુનિ શ્રી ચિત્રભાનુ



## (૬૫)

## <u>યહ હૈ પાવન ભૂમિ, યહાં બાર બાર આના</u>

યહ હૈ પાવન ભૂમિ, યહાં બાર બાર આના
પ્રભુ વીર કે ચરણોં મેં, આકર કે ઝૂક જાના...યહ હૈ.

તેરે મસ્તક મુગટ હૈ...તેરે કાનો મેં કુંડલ હૈ
તું તો કરૂણા સાગર હૈ, મુજ પર કરૂણા કરના ...યહ હૈ.

તું જીવન સ્વામી હૈ... તું અંતર્યામી હૈ
મેરી બિનતી સૂન લેના, ભવ પાર કરા દેના..યહ હૈ.

તેરી સાવલી સૂરત હૈ, મેરે મન કો લુભાતી હૈ
મેરે પ્યારે પ્યારે જિનરાજ, યુગ યુગ અમર રહેના...યહ હૈ.

તેરા શાસન સુંદર હૈ,સભી જીવો કા તારક હૈ
મેરી ડૂબ રહી નૈયા, નૈયા પાર લગા દેના...યહ હૈ.

(૬૬)

## શ્રી રત્નાકર પચ્ચીસી

(૧)

મંદિર છો મુકિત તણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઈંદ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તુ ઘણુ જીવ તું, ભંડાર જ્ઞાનકળાતણા.

(૨)

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરૂણાતણા,
વળી વૈધ હે દુર્વાર આ, સંસારના દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરૂં.

(૩)

શું બાળકો માબાપ પાસે, બાળ ક્રીડા કરે?
ને મુખ માંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે?
તેમજ તમારી પાસ તારક આજ ભોળાભાવથી,
જેવું બન્યું તેવું ક હું તેમા કશું ખોટું નથી.

(૪)

મેં દાન તો દીધું નહિ ને, શિયળ પણ પાળ્યું નહિ,
તપ થી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મ માંથી કાંઈ પણ પ્રભુમેં નવ કર્યું,
મારૂં ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયુ.

(૫)

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને;
મન મારૂં માયાજાળમાં, મોહન! મહા મુંઝાય છે,

ચડી ચાર ચારો હાથમાં ચેતન ઘણો ચગદાય છે.

(૬)

મેં પરભવે કે આ ભવે પણ, હિત કાંઇ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી, ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા.

(૭)

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ,
ભિંજાય નહિ મુજ મન અરેરે શું કરૂં હું તો વિભુ?
પત્થર થકી પણ કઠણ મારૂં, મન, ખરે ક્યાંથી દ્રવે?
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે.

(૮)

ભમતાં મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન-દર્શન-ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયા પરમાદના વશથી પ્રભુ! કહું છું ખરૂં,
કોની કને કિરતાર આ પોકાર, હું જઈને કરૂં?

(૯)

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું?
સાધુ થઈને બ્હારથી દાંભિક હું અંદરથી રહું.

(૧૦)

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા, પરનારીમાં લપેટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારૂં પરતણું,

હે નાથ ! મારૂં શું થશે? ચાલાક થઈ ચૂક્યો ઘણું.

(૧૧)

કરે કાળજાને કતલ પીડા, કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને.

(૧૨)

નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નકામા આચર્યા,
મતિ ભ્રમથકી રત્નો ગુમાવી, કાચ કકડા મેં ગ્રહ્યા.

(૧૩)

આવેલ દશ્ચષ્ટિમાર્ગમાં, મૂકી મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં, ધ્યાયા મદનનાં ચાપને;
નેત્રબાણો ને પયોધર, નાભિ ને સુંદર કટિ,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ.

(૧૪)

મૃગનયન સમ નારી તણાં મુખચંદ્ર નીરખવા વતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી?

(૧૫)

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણી, દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરૂં,

ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરૂં.

(૧૬)

આયુષ્ય ઘટતું જાયતો પણ, પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયૈભલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ હું, ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાનાં ઘર ચણું.

(૧૭)

આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વિની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કૂવે પડયો, ધિક્કાર છે મુજને ખરે.

(૧૮)

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ;
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડયા જેવું થયું,
ધોબી તણા કુત્તા સમું, મમ જીવન સહુ એળં ગયું.

(૧૯)

હું કામધેનું કલ્પતરૂં, ચિંતામણીના પ્યારમાં,
ખોટાં છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર ત્હારો ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ ! કર કરૂણા કંઈ.

(૨૦)

મેં ભોગ સારા ચિંતવ્યા, તે રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઈચ્છયું ધન તણું, પણ મૃત્યુંને પ્રીછયું નહિ;
નહિ ચિંતવ્યું મેં નર્ક-કારાગ્રહ સમી છે નારીઓ,

મધુબિંદુની આશા મહીં, ભય પાત્ર હું ભૂલી ગયો.

(૨૧)

હું શુદ્ધ આચરો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
ફરી કામ પર ઉપકારના યશ, પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે! આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા.

(૨૨)

ગુરૂવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણાં વાકયો મહીં, શાંતિ મળે કયાંથી મને?
તરું કેમ હું  સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો, જળથી ભરાશે કેમ કરી?

(૨૩)

મેં પરભવે નથી પુન્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, કયાંથી થશે હ નાથજી;
ભૂત, ભાવી ને સાંપ્રત ત્રણ ભવ નાથ હું હારી ગયો,
સ્વાામી ત્રિશંકુ જેમ હું આકાશમાં હું આકાશમાં લટકી રહ્યો

(૨૪)

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું?
હે દેવતાના પૂજ્ય! આ ચરિત્ર મુજ પોતા તણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરૂં શું માત્ર આ!
જ્યાં ક્રોડનો હિસાબ નહિ, ત્યાં પાઈની તો વાત ક્યાં!

(૨૫)

ત્હારાથી ન સમર્થ અન્ય, દીનનો ઉદ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગતમાં જોતા જડે હે વિભુ!
મુકિત મંગલસ્થાન તોય મુજને ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ-રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી.

(૬૭)

## તું રંગાઈ જાને રંગમાં

રંગાઈ જાને રંગમાં...તું રંગાઈ જાને રંગમાં
પ્રભુવીર તણા રંગમાં..ગુરુજીતણા સત્સંગમાં.. તું રંગાઈ જાને રંગમાં

આજે ભજશું કાલે ભજશું...ભજશું મહાવીર નામ (૨)
જમનું જ્યારે તેડું આવશે ...લઈ જશે એના સંગમાં.... તું રંગાઈ

આજે ભજશું કાલે ભજશું...ભજશું આદીનાથ (૨)
શ્વાસ ખૂટશે..નાડી તૂટશે, પ્રાણ નહિ રહે તારા તનમાં.... તું રંગાઈ

જીવ જાણતો ઝાઝું જીવશે..મારું છે તમામ(૨)
પહેલાં અમર કરી લઉં નામ,
તેડું આવશે જમનું જાણજે.....જાવું પડશે સંગમાં.... તું રંગાઈ

(૬૮)

## રંગે રમે આનંદે રમે

રંગે રમે આનંદે રમે, આજ દેવ દેવીઓ રંગે રમે
પ્રભુજીને દેખી મોટા ભૂપ નમે આજ દેવ દેવીઓ રંગે રમે...

પ્રભુજીની પાસે સોનીડા આવે
હે..મુગટ ચડાવી પ્રભુને પાયે નમે.. આજ દેવ દેવીઓ રંગે રમે

પ્રભુજીની પસે માલીડો આવે
હે...હાર ચડાવી, પ્રભુને પાયે નમે.. આજ દેવ દેવીઓ રંગે રમે

પ્રભુજીની પાસે પૂજારી આવે
હે..પૂજા કરીને પ્રભુને પાયે નમે.. આજ દેવ દેવીઓ રંગે રમે

પ્રભુજીની પાસે ભક્તો રે આવે
ભક્તિ કરીને મોક્ષે જાવે ...આજ દેવ દેવીઓ રંગે રમે



## (૬૯)

## વધાઈ

દીનાનાથની વધાઈ બાજે છે.
મારા નાથની વધાઈ બાજે છે.

શરણાઈ સૂર નોબત બાજે,
મોર ઘનન ઘન ગાજે છે....મારા નાથની.

ઈન્દ્રાણી મીલ મંગલ ગાવે,
મોતીયન ચોક પુરાવે છે. ....મારા નાથની.

સેવક પ્રભુજી શું અરજ કરે છે,
ચરણોકી સેવા પ્યારે લાગે છે. ....મારા નાથની.



(૭૦)

## વાગે ના ઠોકર ને આંખ ઉઘાડો

(ઢાળઃ આજ નો ચાંદલીયો)

વાગે ના ઠોકર ને આંખ ઉઘાડો, ઉંઘે જો આતમ એને જગાડો
જીવનનો માર્ગ જોખમ ભરેલો, જોઈ વિચારી પગને
ઉપાડો...વાગે

યૌવનને રસ્તે રેતી સુંવાળી, પોચી મજાની લાગે હુંફાળી,
જો જો ખૂંપે પગને સંભાળો, મનના વિકારો મનમાં ઘટાડો.
...વાગે

બુદ્ધિ ને મારગ ઝાઝા છે કાંટા, કોઈમાં ઢેફાને કોઈમાં કાંટા;
છોડીના દેશો શ્રદ્ધાની કેડી, શંકા-કુશંકા મનમાંથી કાઢો. ...વાગે

લક્ષ્મિના પંથે દારૂની પ્યાલી, હોઠે અડાડી તો થાય પાયમાલી,
નશો ના આવે નાણાની સાથે, એવી સુબુદ્ધિ દિલને
સુઝાડો...વાગે



(૭૧)

## સમરો મંત્ર બડો નવકાર

સમરો મંત્ર બડો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર
એહનો મહિમાનો નહીં પાર, એનો અર્થ અનંત અપાર

સુખમાં સમરો, દુઃખમાં સમરો, સમરો દિવસને રાત,
જીવતા સમરો, મરતા સમરો, સમરો સૌ સંગાથ..સમરો મંત્ર..

યોગી સમરે, ભોગી સમરે, સમરે રાજા રંક,
દેવો સમરે, દાનવ સમરે, સમરે સૌ નિઃશંક....સમરો મંત્ર..

અડસઠ અક્ષર અધ ના જાણો, અડસઠ તીરથ સાર
આઠ સંપદાથી પર માણો, અષ્ટસિધ્ધે દાતાર...સમરો મંત્ર..

નવપદ એહના નવનિધી આપે, ભવભવના દુઃખ કાપે,
વીરવચનથી હૃદયે સ્થાપે, પરમાતમ પદ આપે...સમરો મંત્ર...

(૭૨)

## સ્તુતિઓ

(૧)
આવ્યો શરણે તમારા જિનવર કરજો આશ પૂરે અમારી,
નાવ્યો ભવપાર મારો તુમ વિણ, જગમાં સાર લે કોણ મારે;
ગાયો જિનરાજ આજે હરખ અધિકથી પરમ આનંદ કારી,
પાયો તુમ દર્શ-નાશે ભવભવ ભ્રમણા નાથ સર્વે હમારે.

(૨)
જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
પીયે મુદા વાણી સુધા, તે કર્ણ યુગને ધન્ય છે,
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને નિત ધન્ય છે.

(૩)
સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે,
હે જગતબંધુ ચિત્તમાં ધાર્યા નહિ ભક્તિ પણે;
જન્મ્યો પ્રભુ તે કારણે દુઃખપાત્ર હું સંસારમાં,
હા ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં.

(૪)
અંતરના એક કોડિયામાં દીપ બળે છે ઝાંખો,
જીવનના જ્યોતિર્ધર એને, નિશદિન જલતો રાખો;
ઉંચે ઉડવા કાજે પ્રાણ ચાહે છે પાંખો,
તમને ઓળખું નાથ નિરંજન એવી આપો આંખો પ્રભુ.

(૫)
દયા સિન્ધુ, દયા સિન્ધુ દયા કરજે દયા કરજે,
હવે આ જંજીરોમાંથી, મને જલદી છૂટો કરજે;
નથી આ તાપ સહેવાતો, ભભૂકી કર્મની જ્વાળા,
વરસાવી પ્રમની ધારા, હૃદયની આગ બુઝવજે.
(૬)
અસત્યો માહેંથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેને તું લઈ જા;
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ! લઈ જા,
તું હીણો હું છું તો તુજ દરિશન દાન દઈ જા.
(૭)
પ્રભુ સુખ સંપદા, પ્રભુ દરશન નવનિધ;
પ્રભુ દરશનથી પામીયે, સકળ પદારથ સિદ્ધ.
(૮)
કયારે પ્રભુ ! નિજ દ્વાર ઊભો, બાળને નિહાળશો?
નિતનિત માંગે ભીખ ગુણની, એક ગુણ કયારે આપશો?
શ્રદ્ધા દીપકની જ્યોત ઝાંખી, જવલંત કયારે બનાવશો?
સૂના સૂના મુજ જીવનગૃહમાં, આપ કયારે પધારશો?
(૯)
કયારે પ્રભુ ! તુજ સ્મરણથી, આંખો થકી અશ્રુસરે?
કયારે પ્રભુ ! તુજ નામ વદતાં, વાણી મુજ ગદ્ ગદ્ બને?
કયારે પ્રભુ ! તુજ નામ શ્રવણે, દેહ રોમાંચિત બને?
કયારે પ્રભુ ! મુજ શ્વાસ શ્વાસે નામ તારું સાંભરે?

(૧૦)
દર્શનં દેવ-દેવસ્ય, દર્શનં પાપ-નાશનં
દર્શનં સ્વર્ગ-સોપાનં, દર્શનં મોક્ષ-સાધનં.
(૧૧)
ૐકારં બિંદુ સંયુક્તં, નિત્યં ધ્યાયંતિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ
(૧૨)
અર્હન્તો ભગવન્ત ઈન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ-સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા જિન શાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રી સિદ્ધાન્ત-સુપાઠકા મુનિવરા, રત્ન-ત્ર્યારાધકાઃ
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્.
(૧૩)
અન્યતા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમઃ
તસ્માત્ કારુણ્ય ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર!
(૧૪)
મંગલમ્ ભગવાન્ વિરો, મંગલમ્ ગૌતમ પ્રભુઃ
મંગલમ્ સ્થુલિભદ્રાધ્યા, જૈન ધર્મોસ્તુ મંગલમ્.
(૧૫)
શિવમસ્તુ સર્વ જગત; પરહિત નિરતા ભવંતુ ભૂતગણા,
દોષોઃ પ્રયાન્તુ નાશમ્, સર્વત્ર સુખી ભવતુ લોકઃ



(૭૩)

## સાચો સંગમ પ્રભુ સાથે  હજીયે ના થયો

સાચો સંગમ પ્રભુ સાથે  હજીયે ના થયો
એ દિશામાં (૨) રેલો મારો હજીયે ના ગયો..
સાચો સંગમ પ્રભુ સાથે ....

એક લગની સાથે વહેતુ, આતમનું ઝરણું (૨)
પાવન સ રિતા પાસે પહોંચી, લઈ લેઉ શરણું (૨)
આતમ કેરો (૨) આ મનોરથ હજીયે ના કળ્યો
સાચો સંગમ પ્રભુ સાથે ....

મારગ રોકે ડુંગરધાર, ગયા ભવના પાપ (૨)
પાછળ વહેતી પુનિતા ગંગા, થાયે ના મેળાપ(૨)
વિરહ અગ્નિ (૨) આતમાને બાળતો રહ્યો
સાચો સંગમ પ્રભુ સાથે ....

રોજે રોજે નાનું ઝરણું, ડુંગર ખોધ્યે જાય (૨)
કોણ જાણે કયારે છૂટશે  કર્મનો અંતરાય(૨)
આજ લગી તો (૨) ઉદ્યમ એનો સફળના થયો
સાચો સંગમ પ્રભુ સાથે ....



## (૭૪)
## <u>સુખની છાયા કયાંય નથી પણ માયા નથી મુકાતી</u>

સુખની છાયા કયાંય નથી પણ માયા નથી મુકાતી,
મૃગજળ જેવું સુખ છતાંયે તૃષ્ણા નથી સુકાતી........માયા નથી

ખારો છે સંસાર છતાયેં, એને ગણું છું પ્યારો;
ભવોભવ સાગરમાં ભટકુ છું પણ કયાંય જડે ના કિનારો,
ભૂલ ભરેલી ભ્રમણાઓ છે, તોયે નથી ભૂલાતી........માયા નથી

દ્વેષ ભર્યા છે આ દિલડામાં, રાગમાં છું અનુરાગી;
મારૂં મારૂં કરી વેર વધારું, વિસારું વિતરાગી,
રંગને રાગમાં ડુબી રહું પણ, આગ નથી બુઝાતી....માયા નથી.

પાપોના પડછાયા પડે ને પૂણ્યની પાળો તુટે,
જાણીને જકડાયો છું ત્યાં બંધન કયાંથી છૂટે?
સાજ બસૂરા વાગી રહ્યા છે, લાજ રહી લુંટાતી....માયા નથી.

## (૭૫)
## શબ્દમાં સમાય નહિ એવો તું મહાન

શબ્દમાં સમાય નહિ એવો તું મહાન
કેમ કરી ગાવા મારે તારાં ગુણગાન.
ગજુ નથી મારું એવું ક હે જબાન
કેમ કરી ગાવા પ્રભુ તારાં ગુણગાન....

હો ફૂલડાના બગીચામાં ખીલે ઘણાં ફૂલો
સૂંઘવા આવેલ પેલાં ભ્રમર પડે ભૂલો
એમ તારી સૂરભિ ભુલાવે મને ભાન..... કેમ કરી ગાવા પ્રભુ.

હો અંબરમાં ચમકે અસંખ્ય સિતારા
પાર કદી પામે નહિ એને ગણનારા
ગુણ તારા ઝાઝા ને થોડું મારું જ્ઞાન.... કેમ કરી ગાવા પ્રભુ.

હો વણથંભ્યા મોજાં આવે સરોવરને તીરે
જોતા ધરાયે નહી મનડું લગી રે
એક થકી એક ઊંચા તારાં પરિણામ.... કેમ કરી ગાવા પ્રભુ.

હો પૂરું તો પુરાય નહિ કલ્પનાના રંગો
હારી જાય બધા મારા મનના તરંગો
અટકીને ઊભું રહે મારું અનુમાન.... કેમ કરી ગાવા પ્રભુ.



(૭૬)

## શંખેશ્વર કા નાથ હૈ હમારા તુમ્હારા

શંખેશ્વર કા નાથ હૈ હમારા તુમ્હારા..(૨)
ઈસ તીરથ મેં જો ભી આયે,
મિલે ન જનમ દુબારા...શંખેશ્વર કા.

કાન મેં કુંડલ ડોલે...મસ્તક મુગટ સુહાયે
કૈસી સુંદર કાયા...ભક્તોં કે મન ભાયે
મન કી ઈચ્છા પૂરી હોવે...આયે દ્વાર તિહારા...શંખેશ્વર કા.

મુકિત સે ભકિત પ્યારી...કહતે જ્ઞાની ધ્યાની
ઈસકે ચરણકમલ મેં...બીતે સારી જિંદગાની
સચ્ચે દિલસે ધ્યાન લગાદો..હોવે વારાન્યાસ...શંખેશ્વર કા.

ઈસ તિરથ કે કંકર..પથ્થર હમ બન જાયે
ભજતહિમ પે ચલકર...દર્શન તેરા પાયે
અંતિમ ઈચ્છા પૂરી હોવે...જીવન હો સુખકારા...શંખેશ્વર કા.

શંખેશ્વર કા પારસ લીલા અજબ દીખાતા
ઈસકે ચરણ મેં જો ભી આયે, બેડા પાર લગાતા
રાય ઔર રંક કો ભી તારે, જગ કે તારણહારા...શંખેશ્વર કા.



(૭૭)

## શાંતિ જિનેશ્વર સાચો સાહિબ

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ ઈન-કલિમેં હો
જિનજી.
તું મેરા મનમેં..તું મેરા દિલમેં, ધ્યાન ધરું પલ પલ મેં સાહેબજી.

ભવમાં ભમતાં મે દરિશનપાયો, આશા પૂરો એક પલમેં હો
જિનજી.
તું મેરા મનમેં..તું મેરા દિલમા

નિર્મળ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું બાદલ મેં હો
જિનજી
તું મેરા મનમેં..તું મેરા દિલમા

મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલ મેં હો જિનજી
તું મેરા મનમેં..તું મેરા દિલમા

જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલ મેં હો
જિનજી
તું મેરા મનમેં..તું મેરા દિલમા



(૭૮)

## <u>હરિયાળો છે ન્યારો ન્યારો, મારગડો રે તારો</u>

(ઢાળઃ મણિયારો તો..)

હરિયાળો છે ન્યારો ન્યારો, મારગડો રે તારો
હરિયાળો છે (૩) ન્યારો ન્યારો, મારગડો રે તારો
મારા મનડા ઉજાસી હોય રે
માગું હું તો તારો રે સથવારો (૨)..... હરિયાળો છે ન્યારો
ન્યારો
હાં....દુનિયાનો છે એક તું દીવડો રે
દુનિયાનો છ (૩) એક તું દીવડો રે
કાંઇ હું રે ઝંખુ છું ઉજાસ રે ...માગું.... હરિયાળો છે ન્યારો
ન્યારો
હાં...તારનારો છે એક તું ખેવૈયો રે
તારનારો છે (૩)  એક તું ખેવૈયો રે
કાંઇ હું રે અટવાઇ ગયો આજ રે..માગું...હરિયાળો છે ન્યારો
ન્યારો
હાં..રઢિયાળી છે દાદા તારી છાંયડી રે
રઢિયાળી છે (૩) દાદા તારી છાંયડી રે
કાંઇ હું રે ઝંખુ રણમાંય રે..માગું...હરિયાળો છે ન્યારો ન્યારો

હાં...દુઃખિયાનો છે એક તું બેલીડો રે
દુઃખિયાનો છે (૩) એક તું બેલીડો રે
કાંઇ હું રે દુઃખિયારો સાવ રે..માગું...હરિયાળો છે ન્યારો ન્યારો



(૭૯)

## <u>હે કિરતાર મને આધાર તારો</u>

હે કિરતાર મને આધાર તારો, જો જે ના છૂટી જાય
હે પ્રભુ ! તારા પ્રમનો ખજાનો, જો જે ના ખૂટી જાય.....

તારો આધાર મને આ અવનિમાં,
આપે પ્રકાશ જ્યોત આ રજનીમા
શ્રદ્ધાથી બાંધી છે ગાંઠો મેં સ્નેહની,
જો જે ના છૂટી જાય.....

શક્તિ પ્રમાણે ભક્તિ કરું છું,
આ જીવન તું જ ચરણે ધરું છું
પ્રેમનો પ્યાલો પીવા જાઉં ત્યાં,
જો જે ના છૂટી જાય.....

ગાઉં છું હે પ્રભુ ગીત તુજ પ્રીતના,
સ્નેહથી ભરેલા સૂરો સંગીતના
લાખના હીરાને હાથમાંથી કોઈ,
જો જે ના લૂંટી જાય.....

## (૮૦)
## હું છું અનાથ મારા ઝાલજો રે હાથ

હું છું અનાથ મારા ઝાલજો રે હાથ
વિનવું છું પ્રભુ ! પારસનાથ
હું છું પ્રવાસી, નથી કોઈનો સંગાથ
વિનવું છું પ્રભુ ! પારસનાથ

સગા સબંધી સ્નેહીઓ સૌએ
તો યે હું નિરાધાર
એકલ વાયો છું અવનિમાં
તારો છે આધાર
જાવું છે દૂર દૂર દેજો રે સાથ...... વિનવું છું પ્રભુ ! પારસનાથ

ભડભડતી આગમાંથી નાગને ઉગાર્યો
નયનોથી વરસાવી નેહ
સંસાર તાપે હું યે બળું છું
ઉગારો લાવીને નેહ
દેનબંધુ છો દીનો ના નાથ...... વિનવું છું પ્રભુ ! પારસનાથ

મુકિત નગરમાં જાવું છે મારે
વચમાં છે સાગર મોટો
આગળ જાઉં ત્યાં પાછો પડું છું
મારગ મળ્યો ખોટો
તારજો રે મને ત્રિભુવનના નાથ...... વિનવું છું પ્રભુ !
પારસનાથ

